# પગદંડી

**જૂન**

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં. |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| મંત્ર, તંત્ર અને ચમત્કાર | | ૫ |
| પ્રમુખશ્રીની કલમે | | |
| દીકરી આનંદની લહેરખી કે... | મનીષ દામજી ગાલા | ૯ |
| પ્રતિભાવ - પ્રતિસાદ | | |
| માસ્તરાંચી સાવલી | હીરજી ખીમજી ધરોડ | ૧૨ |
| દીક્ષા એક અંતર વિગ્રહ - અંધશ્રદ્ધા | નવીન રાંભિયા | ૧૨ |
| જીવન સંધ્યા નિકેતન | નરેન્દ્ર ટી. દેઢિયા | ૧૩ |
| પગમેં ભમરી | લીલાધર માણેક ગડા | ૧૫ |
| વાંકી મહાજન રાહ દાખવે છે | | |
| છોડ બાબુલકા ઘર | ડો. ગિરીશ વીછીવોરા | ૧૯ |
| અંબોળ કે અંબોર શબ્દ સાંભળ્યો છે? | ડો. ગુલાબ દેઢિયા | ૨૧ |
| મહારાષ્ટ્ર, પ્રાકૃતિક-ભૌગોલિક પરિવેશ | ભરત'કુમાર' પ્રા. ઠાકર | ૨૩ |
| અપ્રગટ કાવ્ય | શાંતિલાલ ગઢિયા | ૨૭ |
| Dhamma Yatra 2018 | Lax Kenia | ૨૯ |
| ક.વિ.ઓ. અને આંતરજ્ઞાતિય લગ્નો | સી.એ. સંજય વિસનજી છેડા | ૩૫ |
| ઈશ્વર | હીરજી ખીમજી ધરોડ | ૩૯ |
| શું આત્મહત્યાના વિચારો/પ્રયાસ બીમારી છે? | ડો. મણીલાલ ગડા/ડો. દિપ્તી શાહ (ગડા) | ૪૦ |
| સાહિત્ય અમૃત | સંકલનઃ ચંદ્રકાન્ત નંદુ | ૪૩ |
| ઊર્મિલહર | સંપાદકઃ વિશન નાગડા | ૪૯ |
| વાત છે મારી-તારી-આપણી | | |
| 'એક સીનીયર સીટીઝન હોમની' આછેરી ઝલક | સી.એ. નાગજી જેઠાભાઈ ગોસર | ૫૩ |
| સેવા સમાજ - અપડેટ, શુભેચ્છક દાતાઓ-અનુદાનની યાદી | માનદ્ મંત્રીઓ | ૫૫ |
| સાંત્વન | | ૫૭ |


**પગદંડી કાર્યાલય - ૨૩૭૧ ૪૬૭૪ • ટેલીફેક્સ ૨૩૭૭ ૩૦૩૨**


Printed and published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters,** 42, Ideal Indl. Estate, Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai - 400 013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinchbunder, Mumbai 400 009. Editor: Aswin Popatlal Malde

# તંત્રીસ્થાનેથી

## મંત્ર તંત્ર અને ચમત્કાર

મંત્ર તંત્ર અને યંત્ર આ ત્રણ શબ્દો પુરાતન કાળથી આપણી સંસ્કૃતિમાં વણાયેલા છે. ત્રણે મૂળભૂત રીતે સંસ્કૃત શબ્દો છે. એનું સાદું અર્થઘટન પણ થાય છે અને કોઈ જાદુઈ ચમત્કાર, તિલસ્મી વિદ્યા કે અનેરી શક્તિ એવું પણ અર્થઘટન કરવામાં આવે છે. આ મંત્ર તંત્ર હિન્દુ સંસ્કૃતિનો તો હિસ્સો રહ્યા છે પરંતુ જૈન અને કદાચ બૌદ્ધ સંસ્કૃતિનો પણ પ્રભાવ રહ્યો છે.

આ મંત્ર, તંત્ર અને યંત્ર શું છે.

એક માન્યતા મુજબ મંત્ર એટલે વિશિષ્ટ રીતે ગોઠવાયેલ શબ્દો. મંત્ર માં મં અને મન અથવા અભાનતા અને ત્ર એટલે મુક્ત તે. મંત્ર એટલે હૃદય ની ઊર્મિઓથી સ્ફુરતો વિચાર.

તંત્ર એટલે એક વિશિષ્ટ યંત્રણા. ઘણા તંત્રો હિન્દુ સંસ્કૃતિમાં છે. પરંતુ મુખ્યત્વે એ એક પ્રક્રિયા છે જે શરીર અને મનને સુધારનાર છે, સાત્વના આપનાર છે. પ્રાર્થના ધ્યાન, તપ, પૂજા, ઉપાસના વિ. દરેક પ્રક્રિયાને કદાચ તંત્ર ની શ્રેણીમાં ગોઠવી શકાય.

યંત્ર એટલે આમ તો વિશિષ્ટ ભુમિતિ નો આકાર અને એનો સમુહ મૂળ ત્રિકોણાકાર જેને ઉર્જાના ઉર્ધ્વગમનનું પ્રતિક માનવામાં આવે છે. આ વિવિધ આકારો અને અન્ય લીટીઓ દરેકને વિશિષ્ટ ઉર્જાનું અથવા શક્તિનું પ્રતીક માની ગોઠવવામાં આવે છે. એક માન્યતા મુજબ દેવી દેવતાની મૂર્તિને પણ કદાચ યંત્ર ની હરોળ માં મૂકી શકાય તેમના વિશિષ્ટ આકાર છે, વિશિષ્ટ ચિન્હો છે. અને તેઓ વિશિષ્ટ શક્તિના પ્રતીક માનવામાં આવે છે. મંત્રોચ્ચાર અનાદિ કાળથી આપણી સંસ્કૃતિનો હિસ્સો છે. દરેક પ્રક્રિયા અને દરેક સામે અંતરંગ રીતે જોડાયેલા છે.

પૂરાણકાળથી યજ્ઞો, હોમ હવન ના મંત્રો,

લગ્ન વખતના વિશિષ્ટ મંત્રો,

ધાર્મિક અનુષ્ઠાનો દરમ્યાનનો મંત્રોચ્ચાર,

હિંદુઓમાં તો અગ્નિદાહ વખતે પણ મંત્રોચ્ચાર કરાવાય છે.

પ્રભુ ભક્તિ માટે કરાતો મંત્રોચ્ચાર, મુશ્કેલી ના સમયમાં કરાતું મંત્રોનું રટણ વિ. વિ..

આ મંત્રો કોઈ પણ ભાષામાં હોઈ શકે. વૈદિક કાળની બ્રાહ્મણની ભાષા સંસ્કૃત હતી. અન્યોની ભાષા પ્રાકૃત અથવા અર્ધમાગધી પણ હતી.

કદાચ આજનો ગણાતો મંત્રોચ્ચાર તત્કાલીન સમયની ભાષામાં સામાન્ય સંવાદ પણ હોઈ શકે.

ૐ (ઓમ) એ સૌથી પ્રચલિત એકાક્ષરી મંત્ર છે.

હિન્દુઓમાં ગાયત્રી મંત્ર નું અનેરું મહત્વ છે.

જૈનોમાં નવકાર મહામંત્ર છે. સાથે માંગલિક, ભક્તામર સ્તોત્ર, રત્નાકર પચીસી, ઉવ્વસગહરં સ્તોત્ર વિ. છે. બધાની પોતાની વિશિષ્ટતા છે.

પ્રભુ ભક્તિ માટે અને આ સદ્ભાવનાની સ્ફુરણા આપે એવા દરેક મંત્રો ઈચ્છનીય પણ છે.

પરંતુ આ મંત્રોના ઉપયોગ સાથે અન્ય બાબતોનો પ્રશ્ન વખતો વખત સંકળાઈ રહ્યો છે.

શુભ ભાવનાથી કરેલ તંત્ર એટલે White Magic અન્યથા Black Magic માટે બાબા બંગાળીઓ અને અન્ય તિલસ્મીઓ જાણીતા છે, આવા નિષ્ણાતો મહદ્ અંશે દરેક તકલીફો, જેવી કે બિમારીઓ, ધંધામાં બરકત, ગૃહકલેશ વિ.વિ. ના નિવારણનો દાવો કરે છે. આ દાવાઓ કેવા હોય છે તે તમે અને અમે સૌ સમજીએ છીએ પરંતુ હવે આવુ બધું ધાર્મિક મંત્રોમાં પણ જોવા મળી રહ્યું છે. અને હવે આપણા જૈનાના ધાર્મિક મંત્રોમાં પણ.

આપણો નમસ્કાર મહામંત્ર સર્વે આરાધ્ય દેવોની સ્તુતિ છે.

માંગલિક સર્વે શુભ કાર્યો સાથે જોડાયેલું છે.

ભક્તામર સ્તોત્ર મુનિશ્રી માનતુંગાચાર્યએ કરેલ ભગવાન ઋષભદેવની સ્તુતિ છે. જેમ જેમ હૃદયમાંથી અહંકારનો ભાવ તૂટવા માંડે છે તેમ એક એક બેડી તૂટવા માંડે છે.

ઉવ્વસગહરં સ્તોત્ર પ્રભુ પાર્શ્વનાથની સ્તુતિ છે.

બધામાં શુભ ભાવના વણાયેલી છે અને એ ભાવના, એ આશાઓ, સ્તોત્રો અથવા મંત્રો બોલતી વખતે શુભ સ્ફુરણા પણ જામે છે. કદાચ આવા મંત્રો, નિષ્કામ પ્રાર્થનાઓ એક સકારાત્મક ઉર્જા પેદા કરે છે. ઘણાનું માનવું છે કે સકારાત્મક ઉર્જા તમારી આસપાસ એક વલય (Aura) પેદા કરે છે અને આ વલય દરેક દિશામાંથી આવા બળોને આકર્ષે છે.

પણ આજ કાલ આ બાબતોમાં ચમત્કાર નો આશરો લેવાઈ રહ્યો છે.

ભક્તામર સ્તોત્રનો ચમત્કાર, ફલાણી ગાથાનો ચમત્કાર, ફલાણી બીમારી માટે ફલાણો શ્લોક, વિ. વિ.,

ઉવ્વસગહરં ગાથાના પઠનથી મુશ્કેલીઓમાં રાહત, અસાધ્ય બીમારીઓમાં રાહત.

આવું ઘણું બધું અન્ય ધર્મોમાં અન્ય મંત્રોમાં પણ છે. પરંતુ આપણો જૈન ધર્મ પરિવર્તનવાદી અને પ્રગતીશીલ મનાયો છે જ્યારે ધર્મમાં ક્રિયાકાંડોનું પ્રમાણ વધી ગયું ત્યારે એના નિવારણ માટે આ ધર્મનો પ્રસાર થયો. અને એટલે જ મન ખિન્ન થાય છે.

જૈન ધર્મ પાયાના સિધ્ધાંતોનો ધર્મ છે.

અહિંસા, અપરિગ્રહ, બ્રહ્મચર્ય વિ. પાંચ પાયાના સિધ્ધાંત છે. ક્ષમાપના, અનેકાંતવાદ અને સ્યાદવાદ એ બીજા ધર્મોમાં ન મળે એવા શ્રેષ્ઠતમ સિધ્ધાંતો પ્રભુ મહાવીરે આપણને

જીવનમાં ઉતારવા માટે આપ્યા છે.

કોઈ પણ પ્રકારના ચમત્કારનું જૈન ધર્મમાં સ્થાન નથી પરંતુ આજ કાલ જમાનો પ્રચાર નો છે. Marketing નો છે. અને આજ કાળ આપણી જરૂરીયાતો વધી ગઈ છે. અને જરૂરીયાતોની સાથે સાથે તકલીફો પણ વધી ગઈ છે. આજનો માનવી સંખ્યાબંધ મુશ્કેલીઓ સામે ઝઝુમતો રહે છે સાધ્ય અને અસાધ્ય અનેક બીમારીઓથી ઘેરાયેલો છે. અને આવી પળોમાં માણસ દરેક તરણાનો આધાર લેવા તૈયાર હોય છે અને ત્યારે જ આવી ચમત્કારિ વ્યક્તિઓ આવે છે અને આ ચમત્કાર માટે તેઓ પોતાને વિવિધ મંત્રો ના ઉપાસક ગણાવે છે અને એનો પ્રસાર વિવિધ માધ્યમો દ્વારા થાય છે.

અને જ્યાં ચમત્કાર ત્યાં નમસ્કાર

આજકાલ તો જીનાલયો સાથે પણ કોઈને કોઈ ચમત્કાર વણાયલો હોય છે.

તીર્થંકરો કરતાં સહાયક દેવી દેવતાની ઉપાસના વધારે પ્રમાણમાં જોવા મળે છે.

આવા ચમત્કારો અંગેનું પ્રચાર તંત્ર ખૂબ જ મજબુત હોય છે. અને એમાં પણ હરિફાઈ થઈ જાય છે કેટલાને ફાયદો થયો એનો પ્રચાર કરાય છે. પણ કેટલા નિષ્ફળ ગયા એની કોઈ ગણતરી થતી નથી.

આવા પ્રચારમાં ભણેલા ગણેલા પણ આવી જાય ત્યારે નવાઈ લાગે છે. શ્રદ્ધા અને અંધશ્રદ્ધાની ભેદરેખા પાતળી છે. આપણે વૈજ્ઞાનિક અભિગમ વિસારે પાડી રહ્યા છીએ.

આપણે વિવિધ દેવી-દેવતા અથવા દેવી-પુરુષોના પરચાઓ વિશે સાંભળ્યું છે એમના માસિક પ્રકાશનો પણ હોય છે. હવે એ દિવસો દૂર નથી કે આપણા પરચા પણ પ્રકાશિત થાય.

પ્રભુ સર્વેને સદ્‌બુદ્ધિ આપે.

ભગવાન બૌદ્ધ નું ક્યાંક વાંચેલુ ઉમાંશ પઠન અત્યારે આભારસહ પ્રસ્તુત છે.

હે લોકો

હું જે કંઈ કહું તે પરંપરાગત છે એમ જાણી ખરું માનશો નહીં

તમારી પૂર્વે પરંપરા ને અનુસરી છે એમ જાણીને ખરું માનશો નહીં.

આવું હશે એમ ધારી ખરું માનશો નહીં.

તર્કસિધ્ધ છે એમ જાણી ખરું માનશો નહીં.

લૌકિક ન્યાય છે એમ જાણી ખરું માનશો નહીં.

સુન્દર લાગે છે એમ જાણી ખરું માનશો નહીં.

તમારી શ્રદ્ધાને પોષનારું છે એમ જાણી ખરું માનશો નહીં.

હું પ્રસિધ્ધ સાધુ છું, પૂજય છું એમ જાણી ખરું માનશો નહીં

પણ તમારી વિવેક બુદ્ધિથી મારો ઉપદેશ ખરો લાગે તોજ તેનો સ્વીકાર કરશો. ❁

મનીષ દામજી ગાલા

# દીકરી – આનંદની લહેરખી કે...?

અનાદીકાળથી તીર્થંકર ભગવંતોએ સુશ્રાવકોને મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરાવવા આગમોમાં ઉદ્‌બોધન કરેલ તેને પરમ પૂજ્ય સાધુસાધ્વીજીઓ જીવનમાં ઉતારવાના પ્રયાસો કરી રહ્યા છે. ધર્મ પ્રત્યે લાગણી, પ્રેમ, વ્હાલ રાખનારાઓ ધર્મના બોધીત્વને પામી શકે છે. તેમાં ઊંડા ઉતરનાર મરજીવાઓ મોતી પ્રાપ્ત કરી શકે છે.

સ્ત્રી અને પુરૂષના સંબંધો માટે લગ્ન રચાય છે. એ શારીરિક પ્રક્રિયા છે. પણ એ પ્રક્રિયાથી પૂર્ણતા પ્રાપ્ત થતી નથી એના માટે બન્ને યુગલને હૃદયથી જોડાવું પડે છે એજ સાચું મિલન હોય છે. પુરૂષ અને સ્ત્રીની પ્રેરણાનો પદાચાર એટલે દીકરી. દીકરી એટલે વ્હાલનો દરિયો, દીકરી એટલે પ્રેમની નદી. દીકરી એટલે રિદ્ધિ અને સિદ્ધિની ક્ષિતિજ. દીકરી એટલે લાગણીની જીલ. દીકરીને દરેક દરેક કવિઓએ, લેખકોએ ઉપમાઓ આપી છે. દીકરી એ સંસારનું સુખ છે. એ બધું ખરૂં પણ આજના યુગમાં એનું કેટલું મહત્વ રહ્યું છે?

છેલ્લા થોડા વખતમાં શૈક્ષણિક સિદ્ધિઓના પરિણામ જોતાં દીકરીઓએ એમાં મેદાન માર્યું છે. વિદેશ જતાં વિદ્યાર્થીઓમાં પણ દીકરીઓની સરેરાશ સંખ્યા વધતી જાય છે. ભણતરના જુદા જુદા વિભાગો જોશો તો દીકરીઓની સંખ્યા વધતી જાય છે. મોટી મોટી કંપનીઓની ભરતી જોશો તો તેમાં પણ દીકરીઓની સંખ્યા વધુ નજરે પડે છે. કચ્છી સમાજની તાસીર એવી જ છે. કચ્છીઓમાં પણ દીકરીઓની સિદ્ધિની બોલબાલા છે. દરેક દરેક ક્ષેત્રમાં તેઓ પુરૂષોની સમોવડી બની રહી છે. કચ્છી સમાજમાં છેલ્લા થોડા વખતનું પૃથકરણ કરશું તો ઘણા બધા ક્ષેત્રોમાં સ્ત્રીઓના પગરણ થઈ રહ્યાં છે. છૂટક ધંધામાં પણ તેનું પદાર્પણ અને શ્રેષ્ઠતાની સાબિતી મળી રહી છે. બ્યુટી, હોમ પ્રોડક્ટસ્, ચોકલેટ, નાસ્તા, ખાખરા, શેરબજાર, શૈક્ષણિક ક્ષેત્રે જોવા જોશો ત્યાં એમની સિદ્ધિઓ દેખાઈ રહી છે. આજના યુગમાં પારિવારિક પ્રેમ, માતાપિતાની હિંમત અને

લાગણીથી આ શક્ય બની રહ્યુ છે. સગવડ અને સામાજીક મદદથી કચ્છી સમાજની સ્ત્રીઓ માટે શૈક્ષણિક સહાય અને લોન, સ્ત્રી ઉત્કર્ષ ફંડ વિવિધ સંસ્થાઓ દ્વારા ઉપલબ્ધ છે. સેવા સમાજ અને મહાજનમાં નારી સમિતિ, ભાણબાઈ છાત્રાલય, ગોધરા છાત્રાલય આ બધી જ સંસ્થાઓ સ્ત્રી ઉત્કર્ષ હિમાયતી અને તેમને સમોવડી બનાવવાના પ્રયાસોમાં છે અને આ સિદ્ધિ તેમણે મેળવી છે.

આવા ગુલાબી ઈતિહાસમાં સોનાની થાળીમાં લોઢાની મેખ હોય છે. તો આપણે ત્યાં ઉંમરલાયક દીકરીઓની સંખ્યામાં થતો અનહદ વધારો, વધતું જતું શિક્ષણ, સામાજીક સ્ટેટસની અપેક્ષાઓ સ્વતંત્રતાનો આગ્રહ, નોકરી અથવા વ્યવસાય કરવાની આઝાદી જેવા ઘણા બધા પરિબળો તેમના લગ્નજીવનને બાંધતા અટકાવી રહ્યા છે. જે કારણે તેમની સંખ્યા વધતી જાય છે. આમાં એક નવુ પરિમાણ ઉમેરાયું હોય તો દીકરીઓની કમાણી. દીકરીઓના ઉચ્ચ ભણતર ને ત્યાર બાદ વ્યવસાયિક કારકિર્દીમાં દર વર્ષે બહુ મોટી રાશી પગાર તરીકે એમને મળે છે. એકાદ બે વર્ષ નોકરી કરે તો પોતાનો ખર્ચ કાઢી લેશે એવા તાર્કિક વિચારોથી શરૂ થયેલ યાત્રા પાંચ દશ વર્ષ કાઢી નખાવે છે. ઘણાં કિસ્સાઓમાં માતાપિતાને એમના પગારની લાલચ, લગ્નજીવનમાં બેડી સર્જે છે. સાચા વિચારો એમની સામાજિક યાત્રાના ઘોતક બને છે. આદર્શ લગ્નની ઉંમર સ્ત્રીઓ માટે ૨૨ વર્ષથી ૨૭ વર્ષ છે. એ ઉંમરમાં પૈસા સહુથી મોટા બાધક બને છે. ભણતી અને વ્યવસાય કરતી સ્ત્રીઓના ૫૦ ટકાથી વધુ કિસ્સાઓમાં તેમના માતાપિતા જ લગ્નમાં સમસ્યા સર્જી રહ્યા છે. હજુ સારું મળશે, હજુ સારું મળશે ની વાર્તા થોડા નરસા ને ન ચલાવવાની પ્રક્રિયાથી ઉંમર વધતી જાય છે. અને જે સારું મળતું હતું તેમાં પણ ઘટાડો જોવા મળતાં પોતાની અપેક્ષાના બોઝમાં પોતે જ કચડાઈ રહ્યા છે. આના લીધે આપણા સમાજના યુવકોને પણ સહન કરવાનું આવે છે. થોડાક સામાજીક સ્ટેટસને જતું કરીએ તો આદર્શ કમાણીવાળો યુવક અને સમોવડી કન્યા થોડા જ વર્ષોમાં પોતાના રહેઠાણની સમસ્યાને હલ કરી શકે છે.

રેરા, નોટબંધી અને જી.એસ.ટી. ને કારણે મિલ્કતના ભાવોમાં ઘટાડો નોંધાયો છે ત્યારે ફક્ત રહેઠાણની સમસ્યા માટે સર્જાયેલ 'ના' થોડી જ હિંમતથી 'હા' માં પરિવર્તિત કરાય તો બન્ને કુટુંબોનું જીવન નંદનવન બની શકે છે. માતાપિતાઓને પોતાની કન્યા માટે આગ્રહ જતો કરીને એને દુરાગ્રહ બનતો અટકાવવો જોઈએ, અન્યથા આપણી દીકરીઓ કચ્છી છોડી અન્ય જ્ઞાતિના યુવકોને અપનાવતી થઈ જશે ત્યારે છાશ લેવા જતાં વલોણું પણ ખોવાઈ જશે, એની

ખબર રહેશે નહીં અને સર્વે દુવિધાઓ સુવિધાઓને પરિવર્તિત કરી જશે. જ્યાં દીકરીઓ ભણેલી નથી ત્યાં પણ એક સમસ્યા છે, તેમનું ઘરકાર્યમાં મદદરૂપ થવું. ભાઈના પરિવારને ઉછેરવો તેમજ માતાને ગૃહકાર્યમાં મદદરૂપ થવું. આ પરિસ્થિતિ પણ ઘણે બધે અંશે દીકરીઓના લગ્નમાં બાધારૂપ થઈ રહી છે.

દીકરી એ બે કુળને અજવાળી શકે છે. બે કુળને તારી શકે છે. એને આવા ક્ષુલ્લક કારણથી કળીમાંથી ફૂલ બનાવતાં અટકાવતા માતાપિતાઓ માટે એમની વધતી ઉંમર લાલબતી છે. થોડુંક જતું કરશો તો સ્વર્ગના દ્વાર એમના માટે ખુલ્લા થઈ જશે. કોઈપણ પરિવાર કોઈને પણ દુઃખી કરવા માગતો નથી. પણ દરેકના સુખની વ્યાખ્યા જુદી છે. થોડોક ટેકો, થોડીક હિંમત, થોડોક સાથ, થોડોક સહકાર થોડીક અપેક્ષાઓ જતી કરીએ તો અટકેલા યુવક યુવતીઓ લગ્ન જીવનની બેડીઓમાં બંધાતા જશે. જરૂર છે થોડુંક આગળનું વિચારવાની. ભૂતકાળને જોશું તો આપણા ૯૯.૯૯ ટકા પરિવારો સુખી જ છે. જ્યાં થોડો ઘણો અભાવ હશે એ મહેનત ન કરવાનું પરિણામ હશે. સામાજીક સ્ટેટસ છોડીને સર્જાયેલ લગ્નો પણ ૧૦૦ ટકા યશસ્વિતામાં વર્યાં છે એટલે આપણા કરતા આપણા વડીલો દીર્ઘદૃષ્ટિવાળા હતા એ સાબિત થયેલું સત્ય છે. આપણામાં જોખમ લેવાની હિંમત ઓસરી ગઈ છે અથવા તો બધું જ તૈયાર જોઈએ છે. એ ભાવના ઘણા બધાના જીવનને લગ્નની બેડીઓમાં બાંધતાં અટકાવી રહ્યું છે માતાપિતાઓએ થોડીક હિંમત દાખવવી જોઈએ. બાકી બધું એમના બાળકોની આવડત, નસીબ અને કૌશલ્યતા પર છોડી દેશો તો મોટી ઉંમરના સંતાનો જેમના લગ્ન જીવન બંધાયા નથી એમના પર મોટો ઉપકાર થશે. ઘણી બધી વખત બાળકોને પાત્ર ગમતું હોય છતાં માતાપિતા બીજા બધા પરિબળોને લીધે વિચાર્યા વગર ના પાડી દે છે. જે દીકરીઓના અને દીકરાઓના હૃદય પર ઘા બનાવતા જાય છે. ત્યારબાદ અપેક્ષાઓનો બોઝ અરમાનોને કચડી નાંખે છે.

ઉંમરલાયક યુવક યુવતીઓના માતાપિતાને તેમના સંતાનોનું જીવન આનંદથી કિલ્લોલ કરતું બનાવવું હોય તો જતું કરવાનું શીખીને અપનાવવાનું ગણિત ગણવા જઈએ તો બે પરિવારોનો આનંદ, સુખ, મેળાપ, વિજ્ઞાન બનીને જીવનને આદર્શ જીવન બનાવતું થઈ જશે.

સર્વેનું મંગલ થાઓ.

અસ્તુ

મો.ઃ ૯૮૨૦૪ ૪૩૫૪૪

# પ્રતિભાવ-પ્રતિસાદ

**આ વિભાગમાં 'પગદંડી'માં પ્રસિદ્ધ થયેલ લેખ, કાવ્ય અને અન્ય સાહિત્યના સંદર્ભે વાચકોનો પ્રતિભાવ-લેખકનો પ્રતિસાદ આવકાર્ય છે.**

## માસ્તરાંચી સાવલી

**- હીરજી ખીમજી ધરોડ (પત્રી)**

**ઘાટકોપર (પૂર્વ)**

**ફોન. ૨૫૦૧૦૮૨૧**

પગદંડીના સાહિત્ય-અમૃત સ્તંભમાં કૃષ્ણાબાઈ નારાયણ સુર્વેની જીવનકથા છ-સાત અંકમાં શ્રી ચંદ્રકાંતભાઈ નંદુએ આબેહુબ લેખનથી સંકલિત કરી, વાચકના દિલને સ્પર્શી ગયા છે. કૃષ્ણાબાઈ દામ્પત્ય જીવનમાં માસ્તર સાથે સમર્પણના ભાવે બંધાયેલ છે.માસ્તર પોતાની પ્રવૃતિમાં ગળાડૂબ રહે છે, સાથે સાથે કૃષ્ણાબાઈ માટેની લાગણી છલોછલ હોય છે. કૃષ્ણાબાઈને પૈસા, દોલત કંઈ નથી જોઈતું. ફક્ત માસ્તરનું કાર્ય એમના જીવન પછી પણ ચિરંજીવ રહે, એવી કૃષ્ણાબાઈની ઈચ્છા છે. તેઓ માસ્તરની છાયા બનીને જીવે છે. અહીં મહાત્મા ગાંધીજી અને કસ્તુરબાના જીવનનું પ્રતિબિંબ દેખાય છે. આવું આદર્શ જીવન મહિલાઓને...

## દીક્ષા - એક 'અંતર'વિગ્રહ

**- નવીન રાંભિયા**

**મો. ૯૮૬૯૩૮૩૫૦૩**

ઘણા સમયથી મનમાં એક અવઢવ હતી. પ્રમુખ શ્રી મનીષ દામજી ગાલાના લેખ ''દીક્ષા - એક 'અંતર'વિગ્રહ'' દ્વારા એમના જેવી જ મારી વિચારધારાને મૂર્ત સ્વરૂપ મળ્યું. દીક્ષા અંગીકાર કરવાનો માર્ગ શું સુંવાળો છે? એમ કહેવામાં આવે છે કે સાધુ જીવન ખાંડાની ધાર જેવો કઠિન માર્ગ છે. સંસારનાં સુખો માણેલ વ્યક્તિ સાધુ જીવનના પથ પર ચાલી શકવા શક્તિમાન છે? આનો વિચાર કર્યા વગર, કુટુંબ, સગાંસંબંધીઓનો વિચાર કર્યા વગર, પૂજ્ય સાધુ, સાધ્વીઓના પ્રવચનના પ્રભાવમાં આવી, સાંસારિક ઉપાધિથી તંગ થઈને લીધેલ નિર્ણય ક્યારેક ભારે પડે છે અને ક્યારેક સાધુ જીવનમાં અજુગતું પગલું ભરાઈ જાય ત્યારે જૈન ધર્મની અને સંપ્રદાયની ખૂબ હાંસી થાય છે. જૈન શ્રાવકોને કહેનાર પણ કોઈ મળી જાય છે ત્યારે ધર્મની નાલેશી થાય છે અને ઉત્કૃષ્ટ ધર્મને લૂણો લાગે છે.

## ''અંધશ્રદ્ધા''

**- નવીન રાંભિયા**

ડો. મોરારજી વી. ગાલા લિખિત લેખ ''અંધશ્રદ્ધા'' વાંચ્યો. લેવા ન દેવા ક્યારેક ડોક્ટરના જીવનમાં ઉપાધિ ઊભી કરી શકે છે. કાગનું બેસવું અને ડાળનું પડવું, આવી અંધશ્રદ્ધા વખોડવાલાયક છે. હાલ છાસવારે ડોક્ટરોની પિટાઈના પ્રસંગો બનતા હોય છે. ડોક્ટર આમાં ગુનેગાર પણ ન હોય પરંતુ, ઉશ્કેરાટમાં આવી દરદીનાં સગાંસંબંધી કાયદો પોતાના હાથમાં લઈ ન કરવાનું કરી બેસે છે. આવા પ્રસંગોએ ધીરજ અને સંયમ રાખવો ખૂબ જરૂરી છે. અર્વાચીન યુગમાં અંધશ્રદ્ધા, ભૂત, પિશાચ વગેરેને કાયમ માટે તિલાંજલિ આપી દેવી જોઈએ.

## જીવન સંધ્યા નિકેતન

**- વાલજી ભાણજી ગડા**

**સામખીયાળી-કાલાચોકી**

**મો. ૯૩૨૨૦૦૮૬૯૧**

સમાજપ્રેમી, વડીલ શ્રી પન્નાલાલ ખીમજી છેડાનું સૂચન ૫૦ વરસથી મોટી ઉમરની વ્યક્તિઓનાં આવતી કાલનાં ઘડપણ માટે ખૂબ મોટી પ્રેરણા છે.

તેમનું સૂચન ખુબ જ ગૌરવવંતુ છે. સંધ્યાનિકેતન કેવું હોવું જોઈએ? નિરાધાર અને આશ્રિતો માટે હોય તેવું નહિ પણ સમાજની સાધારણ અને મધ્યમ વર્ગિય વ્યક્તિ પણ માન સ્વમાનભેર જીવી શકે અને દરેક વ્યક્તિને પોષાય તેવું હોવું જોઈએ.

મુંબઈની આજુ બાજુ જો આવું કોઈ આયોજન સમાજ દ્વારા થાય તો સમાજની બુદ્ધિશાળી, શિક્ષિત અને નિવૃત વ્યક્તિ પણ સમાજ સેવાનાં આ કાર્યમાં તન, મન, ધનથી જોડાઈ જશે, આજના સમયે વડીલ વર્ગ પોતાના ઘડપણમાં ઈચ્છા પ્રમાણે જીવી શકે, પોતાના પરિવારમાં સંતાનો સાથે સ્નેહભર્યા સંબંધો જળવાઈ રહે તે ખૂબ જરૂરી છે. આ આયોજન વિરાર સુધી થાય તે જરૂરી છે.

વિરાર પાસે મહાવીરધામ સીરસાડની બાજુમાં કચ્છ-વાગડ, ગામ લાકડીઆના શ્રી પદમશી માડણભાઈ રીટાએ મિલન વિહારધામ સંસ્થા પોતાના ખર્ચે બનાવેલ છે અને સમાજનાં વડીલોને પોતાની શક્તિ અને જરૂરીયાત પ્રમાણે સંભાળે છે. કચ્છ-વાગડના ઘણાં વડીલો તથા પરિવારો તેનો સારો લાભ લઈ રહ્યા છે. મિલન વિહારધામનું આ કાર્ય જોવા લાયક; પ્રશંશનીય, વંદનીય અને સમાજને પ્રેરણા દાયક છે.

# પગ મેં ભમરી

લીલાધર માણેક ગડા

## વાંકી મહાજન રાહ દાખવે છે

આપણું સ્થળાંતર મુંબઈ અને અન્ય સ્થળોએ થયું. આપણાં ખેતરો ગામના અન્ય ભાઈઓને ખેડવા આપ્યાં. ધીરે ધીરે કચ્છ વિસારે પડ્યું. આપણું કચ્છનું આવનજાવન ધાર્મિક પ્રસંગો પૂરતું મર્યાદિત થયું. વર્ષેદહાડે જુદા જુદા પ્રસંગોએ બે-ત્રણ આંટાફેરા કરીએ, પરંતુ વડીલોએ વારસામાં આપેલી જમીન-ખેતર તરફ માંડ બે-ત્રણ વર્ષે આંટોફેરો થાય. ધરતીકંપ પછી જમીનના ભાવમાં આવેલા વધારાને કારણે જમીનો હડપ થવાના કિસ્સાઓ વધવા માંડ્યા. ખેડવા માટે આપેલી જમીન પાછી લેવામાં ભારે મોંબદલો આપવો પડતો અથવા કોર્ટનો આશરો લેવો પડતો. જમીન પાછી મળે તો પછી એ જમીન ખેડવા માટે અન્ય કોઈને આપવાની ઈચ્છા પણ ન થાય અને જમીન પડતર રહે, બીડ થઈ જાય, ગાંડાબાવળનું જંગલ બની જાય. બીજી તરફ ધરતીકંપ પછી જમીનમાં સટ્ટાખોરી આવી. માત્ર ખેડૂત હકપત્રના આધારે, પરંતુ વાસ્તવમાં ખેડૂત ન હોય તેવા કચ્છ અને કચ્છ બહારના શહેરીજનોએ જમીનો ખરીદી. આવી જમીનો-ખેતરો પણ લગભગ પડતર રહ્યાં અને ખેતીમાં અવ્વલ એવા કચ્છની અડધી કરતાં વધારે જમીનો પડતર બીડ થઈ ગઈ છે. આ ખેતરો ઈચ્છે છે કોઈ એને ખેડે. ખેતી કરવાથી પોષાણ ન થતું હોય તો તેમાં ઘાસચારાનું વાવેતર થાય અને એનાથી પાંજરાપોળોનો ઘાસચારાનો પ્રશ્ન પણ વત્તેઓછે અંશે હળવો બને.

આવી પડતર જમીનોનું ખેડાણ હવે નવા અભિગમ સાથે થાય એ જરૂરી છે. જીવદયા માટે આપવામાં આવતા ફાળાનો થોડો પ્રવાહ આ નવા પ્રયોગ માટે થાય જેમાં આવક મેળવવાને બદલે જમીન સંવર્ધન, જમીનનો ઉપયોગ અને જમીનની રખાલ થાય. માત્ર રામમોલનું વાવેતર થાય જેમાંથી ધાનની પેદાશ બીજા વર્ષનાં બિયારણ માટે હોય અને ઘાસચારો ગામના ઢોરવાડા અથવા પાંજરાપોળો માટે વપરાય. શું આ શક્ય થઈ શકે? આજથી બે વર્ષ અગાઉ આવો પ્રયોગ મુંદ્રા તાલુકાના વાંકી ગામના શ્રી બાબુભાઈ ભવાનજીના નેતૃત્વ હેઠળ થયો અને એ પ્રયોગ પ્રથમ તબક્કે જ સફળ થયો, કારણ કે એમાં આ કામ કરવા માટેની કટિબદ્ધતા હતી અને દૂરંદેશી પણ હતી.

જૂન ૨૦૧૬માં વાંકી ગામમાં ચાતુર્માસ માટે મહારાજસાહેબોના પ્રવેશપ્રસંગે શ્રી બાબુભાઈ ભવાનજી કચ્છ આવ્યા હતા અને એમની સાથે એમના મિત્ર કિરણભાઈ પટેલ હતા. ગામના સીમાડે ફરતાં ફરતાં બન્ને મિત્રોનું લક્ષ વિશાળ પડતર જમીન તરફ ગયું. અને મનમાં એક વિચાર ઝબૂક્યો... બન્ને મિત્રો વચ્ચેના વાર્તાલાપે આ

ઝબકારમાં નવા આયોજન માટેનું ઈંધણ આપ્યું અને એક નિર્ણય લેવાયો કે વાંકી ગામની સીમની જમીનને પડતર રહેવા દેવાને બદલે એમાંથી કંઈક ઊપજ થાય એવું કરીએ. પડતર ખેતરોના માલિકોનો સંપર્ક કરવામાં આવ્યો. આ માલિકો જૈન, દરબાર, મુસ્લિમ બધી કોમના હતા. એમને વિશ્વાસ આપવામાં આવ્યો કે એમની જમીનનું ખેડાણ કરી એમાં રામમોલનું વાવેતર કરાશે અને ચારો પાંજરાપોળોને આપવામાં આવશે. અંદાજે ૭૫૦ એકર જમીનના માલિકોએ મંજૂરી આપી. સમગ્ર આયોજન મહાજનની છત્રછાયા હેઠળ થાય તો લોકોને વિશ્વાસ બેસે. વાંકી મહાજન અને મિત્ર મંડળે આ માટે રાજીપો દર્શાવ્યો અને સહમતી આપી. અને સમગ્ર આયોજન મહાજનના નેજા હેઠળ થયું.

સીમમાં એક જ શેઢે આશરે ૨૫૦ એકર જમીનમાંથી બાવળ, કાંટાળા છોડ ઈત્યાદિ સાફ કરવામાં આવ્યા. ભૂજ તાલુકાના પટેલ ચોવીસીના એક ગામ કોડકીની પાંજરાપોળે ૪૦૦ એકર જમીન ખેડવા લીધી અને એકસો એકર જમીન ખેડવાની જવાબદારી મૂળ રાજસ્થાનના પણ અહીં વસવાટ કરતા મારવાડી પરિવારે સ્વીકારી. જૂન મહિના દરમ્યાન વાંકી ગામની સીમમાં જે.સી.બી., ટ્રેક્ટરોની ધણધણાટી બોલી ઊઠી. એકી સાથે ૭૫૦ એકર જમીનમાંથી બાવળિયા, બીડ દૂર થઈ ગયાં અને વાંકીની સીમ મેઘરાજાને સત્કારવા તૈયાર થઈ ગઈ. જમીનની ખેડાઈ, વાવણી, અને મોલની કાપણી માટે મજૂરોને રોકવામાં આવ્યા. ભારેખમ મજૂરી ચૂકવતાં પણ આખો કાર્યક્રમ ન નફો ન નુકસાનીના ધોરણે પાર પડ્યો. એકરદીઠ ૪૦ મણ ચારાનું ઉત્પાદન થયું, એટલે દશ હજાર મણ ચારો મળ્યો. જેમાંથી ૫૦૦૦ મણ ગામનાં પશુઓ માટે રાખવામાં આવ્યો અને ૫૦૦૦ મણ ચારો વ્યાજબી ભાવે (રાહતના ભાવે) પાંજરાપોળોને આપવામાં આવ્યો. અનાજની જે આવક થઈ તે રૂા. પચીસના ભાવે વેપારીને એ શરતે આપવામાં આવ્યું કે આવતી સીઝનમાં એમને બિયારણ એ વેપારી રૂા. ૩૦/–ના ભાવે (રાહતના દરે) વેચે. સામાન્ય રીતે બિયારણનો ભાવ રૂા. ૪૦/–થી રૂા. ૫૦/–ની વચ્ચે રહેતો હોય છે.

આ આયોજન શરૂ થયું ત્યારે થોડાક ચોવટિયાઓએ ટિપ્પણી પણ કરી કે વેપારી હવે ખેડૂ બનવા લાગ્યા છે, પરંતુ મોસમના અંતે રજૂ થયેલા હિસાબોએ આનો જવાબ આપી દીધો. સામાન્યતઃ એવી માન્યતા હોય છે કે કચ્છમાં કપીત ખેતીમાં કોઈ વળતર નથી હોતું અને શાહુકારી ખેતી નુકસાની કરાવે છે. જ્યારે વાંકીનો અનુભવ કંઈક જુદી જ વાત કહેતું હતું. દસ હજાર મણ ચારા ઉપરાંત બે હજાર મણ અનાજની પણ પેદાશ થઈ.

આનું જુદે જુદે સ્થળે, વર્તમાનપત્રોમાં રિપોર્ટિંગ પણ થયું. ઘણાં ગામમાં મહાજનોએ આની અનુમોદના પણ કરી, જ્યારે પંદર ગામડાંઓમાં આવું સીધું અથવા આડકતરું આયોજન પણ થયું. ગામ પૂનડીનાં માતુશ્રી મકાબાઈ ભીમસી છેડા પરિવારે (S.P.M. ગ્રુપ) જે જે ગામ આવું ચારા માટે રામમોલ ખાસ કરીને જુવારનું વાવેતર કરશે તેને બિયારણ માટે ૫૦ ટકા જેટલી સબસિડી જાહેર કરી અને પ્રોત્સાહન આપ્યું. બાબુભાઈની ટીમે આ ગામોની મુલાકાત લઈ તેમને માર્ગદર્શન પણ આપ્યું. અને ''પડતર જમીન ખેડો–સ્વાવલંબી બનો'' એવું સૂત્ર આપ્યું.

પ્રથમ વર્ષના અનુભવના આધારે, તેના આયોજનમાં રહેલી ખામીઓને દૂર કરી બીજા વર્ષ માટેનું આયોજન વધારે નક્કર સ્વરૂપે વિચારવામાં આવ્યું. જમીન ખેડાણથી લઈ કાપણી-પૂળા બંધાઈ સુધીનું તમામ કામ એકરદીઠ મજૂરીના ધોરણે આપવામાં આવ્યું. આનાથી કામચોરી અટકી ગઈ. બીજા વર્ષે જમીનમાં રંધો ફેરવવાને બદલે આડો ઊંધો સત્તો કરવામાં આવ્યો જેથી વર્ષોથી પડતર રહેલી જમીનમાં પૂરેપૂરો ઊથલો આવ્યો. ખેડાણી, હળોતરો, સત્તો, વાવણી, રખોપું, કાપણી, ચારાના પૂળાઓ બાંધવાની, ખરો ભુંસી અનાજ ગૂણીમાં ભરવાનું... તમામ કામનો ખર્ચ રૂા. ૨,૫૦૦/-થી વધારે નથી આવ્યો એમ બાબુભાઈનું કહેવું છે. ઉત્પાદન પણ ત્રણ હજાર મણ ચારાનું વધારે થયું અને પરિણામે બીજા વર્ષે થોડો નફો પણ થયો જે રકમ જમીન સુધારણામાં વાપરવામાં આવી છે. આ આયોજન અંગે જેમને શંકાઓ હતી, સફળતા અંગે અચોક્કસતા હતી તેમને આ ઉત્તમોત્તમ પ્રત્યુત્તર હતો. જવાબ શબ્દોમાં નહોતો, પરંતુ કરણીમાં હતો.

આ વર્ષે (૨૦૧૮-૧૯) શ્રી બાબુભાઈ ભવાનજી અને એમના સાથીઓએ જમીનમાં પેદાશ વધારે સારી રીતે લઈ શકાય તે માટે વિશદ્ ચર્ચા-વિચારણા કરી છે અને એને આધારે ખેતીની તમામ કાર્યવાહી માટે આદિવાસી પરિવારોને નિમંત્રણ આપ્યું છે. આ પરિવારો સીઝનના પાંચથી છ મહિના અહીં રોકાશે. પાકની વાવણી, રખાલ, નીંદામણ, કાપણી બધી કાર્યવાહી તેઓ કરશે અને તેના બદલામાં જે અનાજ પાકશે તે તેમને વળતર તરીકે આપવામાં આવશે. આ પરિવારોનાં આરોગ્ય અને અન્ય સુખાકારીની જવાબદારી પણ વાંકી મહાજન-મિત્ર મંડળ લેશે. બાબુભાઈના કથન મુજબ વાંકીમાં હજી પણ અંદાજે ૧૫૦૦ એકર જમીન પડતર-બીડ પડી છે. બે-ચાર ખેડૂતો સાથે મળી એક શેડે ૫૦થી ૧૦૦ એકરમાં વાવેતર કરવા ઈચ્છુક હોય તો તેમને તમામ પ્રકારે સહકાર અને માર્ગદર્શન મળશે. પાકનું વાવેતર રામમોલનું અને દવા વાપર્યા વગર કરવાનું જરૂરી છે. તાલુકાના દરેક ગામમાં સેંકડો નહીં બલકે હજારો એકર જમીન વણખેડાયેલી પડી છે. મુંદ્રા તાલુકાનાં ઉદ્યોગગૃહો પાસે આ જમીનનાં સંવર્ધન, સફાઈ ઈત્યાદિ માટે સી.એસ.આર.ના ફંડમાંથી ફાળો માગી શકાય છે અને આ માટે અન્ય ગામોએ વાંકી મહાજનનાં અનુભવ અને કાર્યપ્રણાલીનો લાભ લઈ એકજૂટ બનવું જોઈએ. એક બીજું સૂચન પણ વિચારણા હેઠળ છે કે પાંજરાપોળોને ચારો વિનામૂલ્યે આપવામાં આવે અને બદલામાં પાંજરાપોળો છાણિયું ખાતર આ ખેતી માટે આપે.

મુંદ્રા તાલુકામાં પાંજરાપોળોની સંખ્યા વધારે છે. વાંકી ગામથી આશરે ૩૫-૪૦ કિ.મીટર દૂર આવેલી કોડકી પાંજરાપોળ વાંકીમાં ૪૦૦ એકર જમીનમાં વાવેતર કરે તો મુંદ્રા તાલુકાની પાંજરાપોળો ઘરઆંગણે પડેલી જમીન પર આ કાર્યવાહી શા માટે ન કરી શકે? દરેક પાંજરાપોળો પાસે જમીનો છે. કેટલીક અનુદાનોમાં દાયકાઓ અગાઉ મળી છે, જ્યારે કેટલીક જમીન લેવા માટે ફંડફાળા પણ થાય છે. વર્ષો અગાઉ જ્યારે જમીનની કિંમત ન હતી ત્યારે ઘણી વ્યક્તિઓ, વૃદ્ધોએ પોતાની માલિકીની જમીન પાંજરાપોળો અથવા મહાજનને ભેટ આપી છે. આવી જમીનો પાંજરાપોળ અથવા મહાજનના નામે રેવન્યુ રેકર્ડ પર (૭/૧૨ ઉતારો) ચડી જાય તેવી કાર્યવાહી

પ્રત્યે બેકાળજી દર્શાવવામાં આવી છે અને આજે આવી સેંકડો એકર જમીન પર ગેરકાયદે કબ્જો થઈ ગયો છે. લગભગ પાંજરાપોળોના ટ્રસ્ટીઓ મુંબઈ રહે છે. એમની પાસે મર્યાદિત સમય ફંડફાળા એકત્રિત કરવામાં જાય છે એટલે આ જમીન પર કબ્જો અને કબ્જો ન મળે તો મોંબદલો મળે તેવી કાર્યવાહી થતી નથી. મહાજનો-પાંજરાપોળો એકત્રિત થઈ આ માટેની કાર્યવાહી, સમજાવટ, કાનૂની કાર્યવાહી સંયુક્ત રીતે કરે તો ખર્ચ ઓછો આવે અને કાર્યવાહી પણ સઘન થાય. જરૂરત છે ઈચ્છાશક્તિની.

અને એવી ઈચ્છાશક્તિની જરૂરત છે વાંકી ગામના અનુભવને અનુસરવાની. મહાજનની જમીનો મહાજન બચાવે. શ્રી બાબુભાઈએ એક સુંદર વિચાર પણ આપ્યો. મુંબઈમાં મહાજનોની ઘણી પ્રવૃત્તિઓનું પુનરાવર્તન થાય છે, બેવડાય છે. રચનાત્મક પ્રવૃત્તિઓ તરફનો ઝોક પણ ઓછો થતો જાય છે. દરેક ગામની ચાર-છ વ્યક્તિઓ (યુવાન અને પ્રૌઢ) વર્ષમાં બે-ત્રણ મહિના આ પ્રવૃત્તિ માટે આપે તો એની સાથે સાથે અન્ય પ્રવૃત્તિઓ પણ થઈ શકે. આ પ્રવૃત્તિ માટે પ્રારંભમાં થોડીક તકલીફ, મુશ્કેલીઓ આવશે, પરંતુ એનાથી થનારા વળતર સામે આ મુશ્કેલીઓ ગૌણ છે. જે તે ગામની પાંજરાપોળો પણ આસપાસનાં ગામના યુવાનોને આ કાર્ય માટે નિમંત્રી શકે છે.

ઘાસચારાના ભાવોનો વધારો કાબૂ બહારનો છે. પાંજરાપોળોની ડિપોઝિટોનાં વ્યાજની આવકમાં લગભગ ત્રીસ ટકા ઘટાડો આવ્યો છે. માત્ર અનુદાનો પર નભવું હવે શક્ય નથી. જેટલો સમય અને શક્તિ અનુદાનો એકત્રિત કરવામાં વાપરીએ છીએ તેનાથી ઘણા ઓછા પ્રમાણમાં સમય અને શક્તિનો વ્યય થાય છે. અહીં જરૂરત છે માત્ર ઈચ્છાશક્તિ અને નવા અભિગમની. સારી ખેડ, સારું ખાતર ને સારું બિયારણ એકરદીઠ ૧૫ મણ અનાજ અને લીલો ચારો ૫૦ મણ (સુકાય ત્યારે ૪૦ મણ) જેટલો સહેલાઈથી આપે છે જે ઊપજની કિંમત સહેજે રૂા. ૧૫,૦૦૦/- જેટલી થાય છે. જેની સામે ખર્ચ વધારેમાં વધારે રૂા. ૫,૦૦૦/- જેટલો આવે છે. આપણે આવકની ગણતરી ન કરીએ તો પણ આનાથી પાંજરાપોળો પરનું ભારણ ઓછું થશે જ.

આ ખેતીને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ વધાવી લીધી છે માત્ર જીવદયાનો ઉપદેશ આપનાર જૈન સાધુઓ પણ એવી શીખ આપી શકે તે ઈચ્છનીય છે. કદાચ સાધુ સમુદાય આનાથી પોતાને અળગો રાખે તો પણ જૈન શ્રાવકો જેઓ પરંપરાગત રીતે ખેડૂતો હતા તેઓ નિવૃત્તિના સમયે નવી પ્રવૃત્તિમાં પોતાને સામેલ કરે. આ પ્રકારની ખેતી સજીવ ખેતી છે. રામમોલના પાકને કોઈપણ જાતની દવા કે રાસાયણિક ખાતર નથી જોઈતું. આ પ્રવૃત્તિ પણ પરોપકાર અર્થે છે એટલે એમાં અનુદાન આપવા કરતાં વધારે પુણ્ય છે.

આ વર્ષના ઉનાળામાં અને હવે પછી ચોમાસામાં માત્ર ધાર્મિક પ્રવૃત્તિઓમાં શ્રાવકોની સંપત્તિનો જે ખર્ચ થશે તેનો માત્ર પાંચ ટકા જેટલો ખર્ચ ગામની મહાજનની જમીન માટે વપરાય તો ખર્ચથી વધારે વળતર થશે એ નિઃશંક છે.

વાંકી ગામે રાહ ચીંધ્યો છે એને કોણ અનુસરશે? આ ઉમદા કામ માટે S.P.M. ગ્રુપે સબસિડી જાહેર કરી છે એને કોણ સ્વીકારશે?

# છોડ બાબુલ કા ઘર

ડૉ. ગિરીશ વીછીવોરા

સાઠેક વર્ષ પહેલાં મધ્યપ્રદેશમાં આવેલા નાગદા ને ભોપાલને જોડતી બ્રોડગેજ રેલવેનું સુજાલપુર એક નાનકડું સ્ટેશન. વેપાર વણજનું મથક. મંડી ભરાય. કપાસનું રૂ ને તેની ગાંસડી બનાવતી જીનીંગ ને પ્રેસીંગ ફેક્ટરી ખરી. ફેક્ટરી તો કોઈકની હશે, ત્યારે બનેવીને હસ્તક હતી. બીજા થોડા મોટા વેપારી હતા. મુખ્ય વેપાર અનાજ ને કપાસ. વેકેશનમાં એકાદ મહિનો ત્યાં રહેવાનું થયું. ફળસ્વરૂપ ત્યાંની રહેણીકરણી, ખાણીપીણી ને રીતરિવાજનો થોડો અનુભવ થયો.

ખાધે પીધે સુખી થોડાક વેપારીઓમાં કોઈ પ્રસંગ આવે તો ધામધૂમથી ઉજવાય. રાજસ્થાન તરફના મારવાડી વેપારીઓની બોલબાલા. ફળસ્વરૂપ બહુધા બધા સામાજિક કે ધાર્મિક રિવાજમાં રાજસ્થાની છાંટ વર્તાય. ઉનાળામાં ત્યાં ગરમી અસહ્ય હોય. બપોરના બધા ઘરમાં જ રહે. બહાર નીકળે તો લુ લાગે. ઉનાળામાં ગરમીના મારણ તરીકે 'ઠંડાઈ'નો વપરાસ વધુ. ઠંડાઈમાં મુખ્ય ચીજ દૂધ. એમાં ઘણા બધા મસાલા નાખી ઉકાળે. ઠંડું થયેલ પીણું સુપાચ્ય પેય બને. એક બે ગ્લાસ પીતાં ખરેખર ઠંડક વર્તાય. બીજી વસ્તુ જે બહુધા મોટાભાગના લોક વાપરતા તે ભાંગ. ભાંગની 'લુગદી' સૌના મોઢામાં ઠરીઠામ થયેલી જ દેખાય. ઠંડાઈમાં પણ ભાંગનો ઉપયોગ બહુધા થાય. એમાંથી બાકાત રહેનારા ઝુઝ. ક્યારેક કોઈ પાર્ટી હોય, બધાને નશો કરવો હોય તો ઠંડાઈને વિકૃત બનાવે. ઠંડાઈના સ્થાયી પદાર્થો, ભાંગ ઉપરાંત તાંબાના સિક્કા, મોરથુથુ, બાજરી જેવી ઘણી ચીજ આમેજ થાય. એ પીવાથી ગજબનો નશો ચડે. નશાના કેફમાં વ્યક્તિ સાતમા આસમાને મહારાજા બની બોલ-બોલ કરતી રહે. કોઈ નવા નિશાળિયાને મુરઘો બનાવતાં અનહદ આનંદ મળે. એકવાર આગ્રહને વશ થઈ એક ઘુંટડો ભર્યો ને આખી રાત બકબક કરતો રહ્યો.

લગ્ન જેવા પ્રસંગો બહુજ ધામધૂમથી ઉજવાય. લગ્ન પહેલાં પંદરેક દિવસથી ગીત, કોઈને કોઈ ધાર્મિક કે સામાજીક ક્રિયાના ફળસ્વરૂપ જમણ, લગ્નગીતો ને આનંદ-મંગળનું વાતાવરણ છવાઈ રહે. એક મોટી પાર્ટીના ઘરમાં પ્રસંગ - દીકરીના લગ્ન લેવાયાં. જાન ટ્રેનમાં મુંબઈથી આવવાની હતી. બધી વિધિ માટે બ્રાહ્મણને બોલાવેલા જે યોગાનુયોગે મારા જ ગામના હતા. મને બરાબર ઓળખે. ઠંડાઈ મા'રાજને બહુ ગમતી. મારું સર્ટિફિકેટ મળે કે એકાદ બે ગ્લાસ ગટગટાવી જાય. અમારી એક ટોળકી ઊભી થઈ ગઈ હતી. જે દિવસે જાન આવવાની હતી તે દિવસે મા'રાજને પેલી વિકૃત ઠંડાઈ પીવડાવવી ને મારે તે બરાબર છે તેનું સર્ટિફિકેટ આપવાનું હતું. ન આપું તો બધાના હાથમાં ડંડા હતા જેનો ઉપયોગ થઈ શકે.

સાંજના જાનનું સ્વાગત કરવા સૌ સામૈયામાં જોડાયા ત્યારે મા'રાજની હાલતની વાત મૂકો. વેદ વેદાંત સાથે એમની પાસે અપશબ્દોનો ગજબનો ખજાનો હતો. ધડાધડ ઓટોમેટિક મશીનગનમાંથી ગોળીઓ છૂટે તેમ અપશબ્દો છુટે. કોના માટે? દગાબાજ દોસ્ત માટે જ સ્તો. ગાડાપર બેસાડી સ્ટેશને લઈ ગયા. જેમ તેમ વિધિ પતાવી પાછા દગાબાજ દોસ્તને શરણે ગયા. કહે, મને જલ્દી ઘરે પહોંચાડ, મારી ફજેતી થશે. ગાડું ગામ તરફ જતું

થયું કે ફરી પ્રકોપથી દુર્વાશા બની બોલી ઉઠ્યા, હરામખોર મને ગામથી ઉલ્ટી દિશામાં લઈ જાય છે. મા'રાજ શાન ભાન સાથે દિશાભાન પણ ભૂલ્યા હતા.

સાપ ગયા ને લિસોટા રહ્યા. ૧૯૫૧માં રજવાડાં તો કોઈ અપવાદ સિવાય વિલિન થઈ ગયાં હતાં. છતાં ભાંગ્યું તોયે ભરુચની જેમ એમનો રજવાડી ઠાઠમાઠ અકબંધ હતો. 'દેવાસ' રજવાડાનું બેન્ડ તે વિસ્તારમાં પોતાની કાબેલિયત માટે અતિ પ્રખ્યાત હતું. તેને લગ્નપ્રસંગે ખાસ બોલાવેલું હતું. લગભગ ડઝન જેટલા સભ્યો. બધાનું અલગ વાદ્ય. બધા ગણવેશધારી ને શિસ્તબદ્ધ. એમની પાસે ચીલાચાલુ વાજિંત્રો સાથે થોડાક એવા હતા જે મારા માટે નવા તો હતા, કૌતુકસમા હતા. પ્રસંગ ટાણે શિસ્તબદ્ધ રહી એ બેન્ડ જે સંગીત ઉપસાવતું તે ખરેખર અનોખું રહેતું. સહેજે એ બધું કાન દઈને સાંભળતો. એમનો એક સરદાર હતો. તેને સૌ કેપ્ટન કહેતા. કેપ્ટનની નજરમાં હું વસ્યો હોઈશ, ફળસ્વરૂપ જ્યારે પણ પ્રોગ્રામ હોય ત્યારે બાજુમાં બેસી કાન દઈ સાંભળતો. ક્યારેક કંઈ પૂછતો. એમના સંગીતમાં ફિલ્મગીતો, અન્ય લોક ભોગ્ય ગીતો-જૂનાં ને નવાં રહેતાં. શુદ્ધ શાસ્ત્રીય સંગીતને ત્યાં સ્થાન નો'તું અલબત્ત એ સંગીતનું થોડું પણ જ્ઞાન સૌને હતું જ.

જાન બે દિવસ રહી, વિધવિધ વિધિઓ ને જલસા. જમવાનું સારું પણ તીખું. ઓછું ફાવતું. બહેનને ઘરે જમી લેતો. ત્યાં પંગતમાં એક વાત પર ખરેખર અચંબો થયો. જમી પરવારી પંગત ઊઠે, ત્યારે બધાની થાળી યા પતરાવળીમાં પુષ્કળ એંઠું પડ્યું હોય. મારા જેવા થાળી સાફ રાખે તો કેટલાક કહી બેસે. 'ઈસને ખાના દેખા નહિ હૈ ક્યા?'

જે દિવસે જાન જવાની હતી, દીકરીને વળાવવી હતી ત્યારે વાતાવરણ બોઝિલ હતું. ગમગીનીના માહોલ વચ્ચે ચૂપચાપ કેપ્ટનને મળ્યો, વિદાયનું સંગીત કેવું હશે તે જાણવાની તાલાવેલી ખરી. તેઓ હસ્યા. કહે, વિદાય તો વસમી જ હોય છે. મારે કરુણ રસમાં ગંભીર ને ગમનીગી છવાઈ જાય એવું કંઈક વગાડવું પડશે. સહસા પૂછી બેઠા, તારી કોઈ ફરમાઈસ છે? મારા હૈયામાં તો હતું ત્યારનું પ્રખ્યાત 'બાબુલ' ફિલ્મ ને નોશાદનું સંગીત - 'છોડ બાબુલ કા ઘર' - કહી બેઠો. આશ્ચર્યથી મારી સામે જોઈ રહ્યા. એમને એ જ ગીત વગાડવું હતું. ને એનો રિયાઝ પણ થઈ ગયેલો. મેં એક અરજ ગુજારી. ઘરેથી જાન નીકળે ને સ્ટેશને પહોંચે તેને અડધોએક કલાક લાગશે. આપ એજ ગીત એને અવનવા મોડ આપી, દિલ હલી જાય, લાગણીઓની છોળો ઉછળે, આકાશ ગોરંભાઈ જાય તેમ આખો માહોલ ગમગીન થઈ જાય, સાંભળનારાની આંખમાં આંસુ હોય યા ચહેરો ગંભીર ને રડમશ થઈ ગયો હોય તેવું ચિત્ર ઉપસાવી શકશો? જરા હસી કહે, એ મારી કોશિશ હશે.

ઘરથી સ્ટેશન સુધી બેન્ડની હારોહાર ચાલ્યો. કોને ખબર કેટલું રડ્યો હોઈશ. એમણે જે ભાવજગતમાં ભ્રમણ કરી, અજબગજબની મુદ્રાઓ ઉપસાવી, એક જ ગીત, એક જ ધુન, પણ હર વખત તેને જરાક અલગ મોડ આપી કરુણ રસને ખડો કરતા રહે. કહીશ કે એમણે પોતાની બધી આવડત એ ગીત પર ન્યોછાવર કરી દીધી. એ બધું શબ્દાતીત છે. કરુણરસના એવા ચરમ શિખરે બહુ ઓછી વખત પહોંચવાનું થયું છે. હૃદયનો એક ખૂણો એણે હંમેશ માટે પચાવી પાડ્યો છે.

કળાકારની કદર થાય ત્યારે કેવું રૂડું લાગે. દીકરીની માતાએ રડતાં રડતાં પોતાના ગળામાંથી સોનાનો હાર ઉતારી કેપ્ટનના હાથમાં મૂકી દીધો. થોડીવાર કેપ્ટન અવાક્ થઈ ગયા. પછી જે સાંબેલા ધારે અશ્રુધારા વહી તેને વર્ણવવા મારી પાસે શબ્દો નથી.

ફોન.: ૦૯૮૭૦૪૦૬૧૭૭

# 'અંબોળ' કે 'અંબોર' શબ્દ સાંભળ્યો છે?

ગુલાબ દેઢિયા

'અંબોળ' ખટાશના અર્થમાં વપરાતો શબ્દ છે પણ આજે એના બીજા અર્થની વાત કરવી છે. 'અંબોળ' કે 'અંબોર' નો બીજો અર્થ મજાનો છે, તેથી તેની વાત પછી જ કરીએ ને!

સવાર પડે તે પહેલાં જ રોજે રોજ બે શબ્દો બોલીએ-સાંભળીએ છીએઃ 'પૉઝિટીવ થિન્કીંગ,'. હકારાત્મક અભિગમ. હા, જરૂર છે, આશાવાદની, સારું વિચારવાની. પૉઝિટીવ થિન્કીંગનો જાપ રોજ કેમ જપવો પડે છે, કારણ કે, નકારાત્મકતા, નિરાશા એટલી વહાલી લાગે છે, એવી ગળે વળગી છે કે એના વગર આરો કે ઓવારો નથી. એનાથી બચવા જતાં ફરી હામ હારી બેસીએ છીએ.

થોડા વર્ષોથી આશાવાદની સારી વાતો રોજ સામે આવે છે ત્યારે વિચાર આવે છે કે, પહેલાં શું આની જરૂર નહોતી!

હતી જ વળી. આશા-નિરાશા ત્યારે પણ ફેરફુદરડી ફરતી જ હતી. હકારાત્મક અભિગમ કેળવવા, અપનાવવા, મન મનાવવા માણસોએ કેવા રૂડા ઉપાયો કર્યા હતા! 'શુભ' અને 'લાભ' જોવાની વાત એ જ હતી. સવાયું કરવું, પચાસ નહિ પણ એકાવન એ પણ શુભ નિહાળવાની વાત થઈને!

મુહુર્ત, ચોઘડિયાં, શુભતિથિ, પર્વના દિવસો, ઉત્સવો, તહેવારો, મંત્ર, આરાધ્ય દેવ, ધર્મસ્થાનો, પસંદગીના રંગ, શુકન, કેટકેટલું પૉઝિટીવ થિન્કીંગ માટે આપણી પાસે ચોમેર વિસ્તરેલું છે. લાલ, સફેદ કે કેસરિયો રંગ રૂડા દેખાય તે માટે બિચારા કાળા રંગને ઓછો નથી વગોવ્યો!

બોણી કરાવવી હજી ચલણી શબ્દ છે. દુકાનદાર કહેશે, 'લ્યો, તમારા હાથે બોણી થઈ, દિવસ સારો જશે.' બહારગામ જતી વખતે પાણી ભરીને આવતી પનિહારી સામી મળે કે ગોધણ સામું મળે એને પણ શુકન માનવાની પ્રથા હતી. સારું જોવાના કેવા દેશી, હાથવગાં સંકેત અહીં છે. કાગવાણીમાં શુકન જોયા, ચૂલે ચડેલી તાવડીની કોર પરનો મેશ બળતો હોય તો કહે, તાવડી હસે છે આજે જરૂર મહેમાન આવશે કે સારા સમાચારા આવશે. ઉમંગના ભાવ પ્રગટ કરવા કેવા સાદા ઉપચાર શોધ્યા હતા!

કાળા રંગની જેમ ડાબા હાથને થોડું ભોગવવાનું આવ્યું પણ જમણા હાથને કેવું માન મળ્યું! વરદ હસ્તે આપવું. વરદાનની જેમ આપવું એમાં ડોશીશાસ્ત્ર નથી. સાચા ભાવથી, મન ભરીને, આશીર્વાદ સાથે આપવાની રીત છે. રિવાજો, પર્વો, તહેવારો, જ્યાં જ્યાં મોકો મળ્યો ત્યાં આપણા પૂર્વજોએ શુભ-લાભને સહજ રીતે ગોપવી દીધાં.

દક્ષિણ ભારતીય ગૃહિણી હજીય, મહાનગરમાં નાનકડા ઘરને બારણે, જ્યાં આંગણું નથી તો પણ રોજ પ્રભાતે સાદી, સરળ, સફેદ રંગની કલાત્મક રંગોળી રચે છે. જોતાં જ ગમી જાય એવી. અહીં પણ પેલો શુભ ભાવ જ પછવાડે ઊભો છે. સ્વસ્તિક કે સાથિયા જેવી આકૃતિમાં આપણે કેટલી મનગમતી ભાવનાઓ ભરી દીધી!

શુભ પ્રસંગમાં અખંડની આરાધના કરવા ચોખા, ઘઉં કે જવને અક્ષત કહ્યા. નાનકડા દીવડાને કેટકેટલા પ્રતીકોથી નવાજ્યો! કંકુ સાથે કેવી શુભ ભાવનાઓને જોડી દીધી.

ખબર હતી, અનુભવ હતો; પીડાઓ આવશે, વિરહ આવશે, અણધાર્યું, અઘટિત થશે, તોય એમાંથી કંઈક સારું જોવા-શોધવાની પ્રબળ ઈચ્છા જરૂરી હતી. સ્વજનના મૃત્યુથી શોક પાળવાથી લઈ શોક ઉતારવો, શોક મૂકવો એ શું છે? પ્રિયજનનો વિરહ તો અંતરમાં ઊંડે ઊંડે રહેશે જ પણ લોકાચારમાં ભળવા, દૈનિક જીવનને આગળ વધારવા, વ્યવહારોને સહજ બનાવવા શોક મૂકવો જરૂરી હોય છે. બાહ્ય રીતે સૌની સાથે હળવા-મળવા પાછળ સામાજિક ડહાપણની સૂઝ છે. નિરાશાના અંધારામાંથી આશાના ઉજાસ તરફ ડગલું માંડવાની પળ છે.

આપણી સંસ્કૃતિમાં બે સાવ ટચૂકડા શબ્દોની મહત્તા કેવી છે, જરા વિચારીએઃ 'શ્રી' અને 'ૐ' એ બે નાનકડા શબ્દો કે અક્ષર માત્ર નથી, પૉઝિટીવ થિન્કીંગનું જબરું પીઠબળ ત્યાં છે. પત્રને મથાળે શ્રી કે ૐ લખવા પાછળ હેતુ તો શુભ કે લાભનો જ છે. મનને એવા આનંદ માટે તૈયાર કરવાનો છે. સારું થશે, શ્રેષ્ઠ થશે, બધું રંગેચંગે પાર પડશે તે માટે મનને જ સજ્જ કરવાની આ બધી વિધિ છે.

ખેડૂત અનાજ માપીને આપે કે વજન કરે ત્યારે માપિયામાં શગ કરે, છલોછલ ભરીને આપે તે 'અંબોળ' કે 'અંબોર' છે જેનો અર્થ છે ઉમેરવું, વધારવું કે વધારાનું આપવું. આપવાનું તો છે, એ વ્યવહાર છે પણ અંબોળ કરીને આપવું એ ઉન્નતિની ભાવના છે. ઉલ્લાસ, હોંશ, ઉમંગ એ બધા શબ્દોને શગમાં સાકાર થતા જોઈ શકીએ.

કાછિયો પણ તે વાત જાણે છે, પોતાના ગ્રાહકને શાક તોળતાં જરાક નમતે છાબડે આપે છે. ગ્રાહક ખુશ થાય છે. કાછિયાએ જે વધુ આપ્યું એનો લાભ કાછિયાને પછી થવાનો જ છે, જ્યારે ગ્રાહકના પગ એની શાકની લારી ભણી સહેજે વળશે ત્યારે.

યુવાન કે બાળક વડીલના ચરણસ્પર્શ કરે, વડીલ એને માથે હાથ મૂકી આશીર્વાદ આપે એ ભાવધારા શબ્દોમાં ક્યાંથી વ્યક્ત થઈ શકે! દાદીમા વત્સને માથે હાથ દઈ મુઠી વાળીને ટાચકા ફોડે, એ દુખડાં લેવામાં, ઓવારણા લેવામાં ભાવના કેવા ઉચ્ચ સ્થાને બિરાજે છે. આ મારા વહાલાનાં દુઃખ મને દઈ દેજો. આ ભાવનાનું શિખર છે. આ પૉઝિટીવ થિન્કીંગનું ઍવરેસ્ટ છે.

ફોનઃ ૯૮૨૦૬૧૧૮૫૨

# મહારાષ્ટ્ર : પ્રાકૃતિક–ભૌગોલિક પરિવેશ

ભરત'કુમાર' પ્રા. ઠાકર

મહારાષ્ટ્ર રાજ્યનાં જોવાલાયક સ્થળોનું આછેરું દર્શન કરાવતી આ લઘુ લેખશ્રેણીના ગતાંકમાં આપણે પર્યટન વિકાસની વિપુલ તકો, અતીતના આયનામાં થોડું અવગાહન, અલગ 'મહારાષ્ટ્ર' રાજ્યની સ્થાપના, ત્યાંના ઉત્સવો-તહેવારો તથા રાજ્યને લગતી આંકડાકીય વિગતો જોઈ ગયા. હવે ખરીદી અને પ્રવાસ, રાજ્યના જિલ્લાઓની રચના-પુનઃરચના, વિઠ્ઠલધામ પંઢરપુરનું દર્શન તથા લેખને અંતે તમામ છત્રીસ જિલ્લાઓનું આઠ કોલમમાં વિહંગદર્શન કરાવતો અલગથી કોઠો આપ્યો છે...

## પ્રવાસ અને ખરીદી

પ્રાચીન મહારાષ્ટ્રના સમયથી જ પાંગરેલા બૌદ્ધ, જૈન અને હિન્દુ ધર્મોએ વિંધ્ય અને પશ્ચિમી ઘાટોમાં પોતાની અમીટ છાપ મૂકી છે. સહ્યાદ્રિ પર્વતમાળા પર ચાલુક્ય અને રાષ્ટ્રકૂટ શાસકોના સમયમાં નિર્મિત વિશ્વખ્યાત અજંતા-ઈલોરા જેવી ભવ્ય ગુફાઓ, ગુફામંદિરો, સેંકડો યાત્રાસ્થળો વગેરે આ બધાં જે તે ધર્મ જેટલાં જ પ્રાચીન છે. તમે અહીં તમામ ધર્મોનાં સેંકડો તીર્થધામોની સાથે પ્રજાની કલા અભિરુચિના પણ દર્શન કરી શકો, જે અહીંની ગુફાઓ, ગુફામંદિરો જેવાં પ્રાચીન સ્થળોમાં મરાઠી સંસ્કૃતિ અને ઈતિહાસના સાક્ષી તરીકે સ્થાપિત થયેલા છે.

આ રાજ્ય સાધુસંતો અને મહંતો, સમાજસુધારકો અને દેશના ઘડવૈયાઓ, કવિઓ અને કલાકારો તથા ન્યાયવિદો અને શિક્ષણવિદોની ભૂમિ તરીકે વિખ્યાત છે. રાજ્યની સમગ્ર પશ્ચિમી સીમાને આવરી લેતો સુંદર દરિયાકિનારો, અજંતા-ઈલોરા-એલિફન્ટાની ગુફાઓ, પશ્ચિમઘાટની ખીણો અને પર્વતો, ગિરિમથકો અને વિહારધામો, ઐતિહાસિક સ્મારકો અને આધુનિક અણુભઠ્ઠીઓ, બોલીવૂડની રૂપેરીસૃષ્ટિ... વગેરે જેવી અનેક બાબતો આ રાજ્યની વિશિષ્ટ ઓળખ બની ગઈ છે. તો, મોહમયી મુંબઈની ગણના વિશ્વનાં મહાનગરો, ઔદ્યોગિક કેન્દ્રો અને મહાબંદરોમાં થાય છે.

અહીંનાં શાંત અને સુંદર પર્વતીય સ્થાનો, તાડ ખજૂરનાં વૃક્ષોની છાયા તળે શાંત સાગરતટ, વન્યજીવનથી ભરપૂર ગાઢ જંગલો, અરબી સમુદ્રની નીલી જલરાશિ, ખળખળ વહેતી નદીઓ, વિવિધ રમતો અને મનોરંજનનાં સાધનો, શાંત સરોવરો, ગરમ પાણીના ઝરા, વિવિધ પ્રકારનાં સ્વાદિષ્ટ ભોજન... આ બધું કોઈને પણ પોતાના આરામદાયક રજાના દિવસો વિતાવવા માટે પર્યાપ્ત છે. મહારાષ્ટ્રની ભૂમિ પર્યટકોને રમણીય સુખ અને અવિસ્મરણીય સફરનો આહ્‌લાદક અનુભવ કરાવે છે. સામાન્યતઃ મહારાષ્ટ્રમાં પ્રવાસનો ઉત્તમ સમય સપ્ટેમ્બરથી માર્ચનો ગણાય છે. સમગ્ર મહારાષ્ટ્રનો પ્રવાસ બે અઠવાડિયાં જેવા સમયમાં ગોઠવી શકાય.

સુવર્ણની ખરીદી માટે ભારતમાં 'મુંબઈ' જેવું કોઈ શ્રેષ્ઠ સ્થળ નથી! મહારાષ્ટ્રનાં બીજાં શહેરો/નગરો પણ અન્ય સારી ખરીદીઓ (વિશેષતઃ વસ્ત્રો ખરીદવા ઈચ્છતા પર્યટકો) માટે વિખ્યાત છે. મુંબઈનાં સુતરાઈ, કૃત્રિમ અને હાથે વણેલાં વસ્ત્રો,

નાગપુર-ઔરંગાબાદનાં કપડાં, ભિવંડી-સોલાપુરનાં રંગબેરંગી સુતરાઉ વસ્ત્રો, કોલ્હાપુરનાં ચામડાનાં પગરખાં અને ગોળ, રત્નાગિરિની સ્વાદિષ્ટ કેરી, માલેગાવનાં કાષ્ઠ/ધાતુપાત્રો અને જવેરાતકામ વગેરે તમે ખરીદી શકો છો.

## જિલ્લાઓનું વિહંગાવલોકન

મહારાષ્ટ્ર રાજ્યની રચના સમયે ૧૯૬૦માં ૨૬ જિલ્લા હતા. તે પછી ૧૯૮૧માં જાલના, સિંધુદુર્ગ; ૧૯૮૨માં ગઢચિરોલી, લાતુર; ૧૯૯૦માં મુંબઈ ઉપનગર; ૧૯૯૮માં નંદુરબાર, વાશિમ; ૧૯૯૯માં ગોંદિયા, હિંગોલી અને છેલ્લે ૨૦૧૪માં ૩૬મો પાલઘર જિલ્લો રચાયો છે. સૌથી વધુ તાલુકા (૧૬) નાંદેડ અને યવતમાલ જિલ્લામાં છે, જ્યારે સૌથી ઓછા તાલુકા (૧) મુંબઈ શહેરમાં છે.

અત્યાર સુધી વસતિની દૃષ્ટિએ સૌથી મોટા જિલ્લા તરીકેનું સ્થાન થાણા જિલ્લો ભોગવતું હતું. પણ તેમાંથી જુદો પાલઘર જિલ્લો રચાતાં હવે વસતિની રીતે સૌથી મોટો જિલ્લો પૂના (૯૪,૨૯,૪૦૮) અને સૌથી નાનો જિલ્લો સિંધુદુર્ગ (૮,૪૯,૬૫૧) છે. જ્યારે વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો જિલ્લો અહમદનગર (૧૭,૦૪૮ ચો.કિ.મી.) અને સૌથી નાનો જિલ્લો મુંબઈ શહેર (૧૫૭ ચો. કિ.મી.) છે.

પાટનગર મુંબઈથી સૌથી નજીકના અંતરે મુંબઈ ઉપનગરનું જિલ્લામથક બાન્દ્રા (૧૫ કિ.મી.) અને સૌથી દૂર ચંદ્રપુર (૧,૦૧૬ કિ.મી.) આવેલું છે. મુંબઈ ઉપનગર (બાન્દ્રા) અને રાયગડ (અલીબાગ) સિવાય તમામ જિલ્લા અને તેનાં મુખ્ય મથકોનાં નામો સરખાં છે. બધા જિલ્લાઓનું વિહંગાવલોકન લેખાંતે અલગથી બોક્સમાં કરાવ્યું છે.

## વિઠ્ઠલધામ : પંઢરપુર

જિલ્લામથક સોલાપુરથી ૭૪ કિ.મી.ના અંતરે ચંદ્રભાગા નદીકિનારે આવેલું અને અનેક મંદિરો ધરાવતું 'પંઢરપુર' વિશેષતઃ વારકરીઓ (ભક્તિ સંપ્રદાયના અનુયાયીઓ) માટેનું રાજ્યમાં સૌથી મોટું તીર્થધામ છે. પંઢરપુરના નાથ વિઠ્ઠલનાં ભજનો ગાનાર નામદેવ (૧૨૭૦-૧૩૫૦), જ્ઞાનેશ્વર (૧૨૭૫-૯૬), તુકારામ (૧૬૦૮-૫૦) આદિ સંતકવિઓ સાથે સંકળાવાના કારણે આ સ્થળ પવિત્ર ગણાય છે. પંઢરપુર યાત્રાનું મરાઠી સમાજમાં ખૂબ માહાત્મ્ય છે.

## મહારાષ્ટ્રના જિલ્લાઓનું વિહંગદર્શન

| ક્રમાંક | જિલ્લો | મુંબઈથી અંતર | વિસ્તાર (ચો.કિ.મી.) | વસતિ (૨૦૧૧) | ગીચતા દર કિ.મી. | તાલુકા | સાક્ષરતા (ટકાવારી) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અકોલા | ૬૧૨ | ૫,૪૨૯ | ૧૮,૧૩,૯૦૬ | ૩૩૪ | ૭ | ૮૮.૦૫ |
| ૨. | અમરાવતી | ૭૧૦ | ૧૨,૨૧૦ | ૨૮,૮૮,૪૪૫ | ૨૩૭ | ૧૪ | ૮૭.૩૮ |
| ૩. | અહમદનગર | ૩૦૨ | ૧૭,૦૪૮ | ૪૫,૪૩,૧૫૯ | ૨૬૬ | ૧૪ | ૭૯.૦૫ |
| ૪. | ઓસ્માનાબાદ | ૪૩૧ | ૭,૫૬૯ | ૧૬,૫૭,૫૭૬ | ૨૧૯ | ૮ | ૭૮.૪૪ |
| ૫. | ઔરંગાબાદ | ૪૦૪ | ૧૦,૧૦૭ | ૩૭,૦૧,૨૮૨ | ૩૬૬ | ૯ | ૭૯.૦૨ |
| ૬. | કોલ્હાપુર | ૪૨૩ | ૭,૬૮૫ | ૩૮,૭૬,૦૦૧ | ૫૦૪ | ૧૨ | ૮૧.૫૧ |
| ૭. | ગઢચિરોલી | ૪૮૪ | ૧૪,૪૧૨ | ૧૦,૭૨,૯૪૨ | ૭૪ | ૧૨ | ૭૪.૩૬ |
| ૮. | ગોંદિયા | ૯૭૬ | ૫,૪૨૫ | ૧૩,૨૨,૫૦૭ | ૨૪૪ | ૮ | ૮૪.૯૫ |
| ૯. | ચંદ્રપુર | ૧,૦૧૬ | ૧૧,૪૪૩ | ૨૨,૦૪,૩૦૭ | ૧૯૩ | ૧૫ | ૮૦.૦૧ |

| ક્રમાંક | જિલ્લો | મુંબઈથી અંતર | વિસ્તાર (ચો.કિ.મી.) | વસતિ (૨૦૧૧) | ગીચતા દર કિ.મી. | તાલુકા | સાક્ષરતા (ટકાવારી) |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦. | જલગાંવ | ૪૩૩ | ૧૧,૭૬૫ | ૪૨,૨૯,૯૧૭ | ૩૬૦ | ૧૫ | ૭૮.૨૦ |
| ૧૧. | જાલના | ૪૨૭ | ૭,૭૧૮ | ૧૯,૫૯,૦૪૬ | ૨૫૪ | ૮ | ૭૧.૫૨ |
| ૧૨. | થાણા | ૪૩ | ૪,૨૧૪ | ૮૦,૭૦,૦૩૨ | ૧૯૨ | ૮ | ૮૪.૫૩ |
| ૧૩. | ધુળે | ૩૪૦ | ૮,૦૬૩ | ૨૦,૫૦,૮૬૨ | ૨૫૪ | ૪ | ૭૨.૮૦ |
| ૧૪. | નંદુરબાર | ૪૪૦ | ૫,૦૩૪ | ૧૬,૪૮,૨૯૫ | ૩૨૭ | ૬ | ૬૪.૩૮ |
| ૧૫. | નાગપુર | ૮૬૩ | ૯,૮૯૨ | ૪૬,૫૩,૫૭૦ | ૪૭૦ | ૧૪ | ૮૮.૩૯ |
| ૧૬. | નાસિક | ૧૮૫ | ૧૫,૫૩૦ | ૬૧,૦૭,૧૮૭ | ૩૯૩ | ૧૫ | ૮૨.૩૧ |
| ૧૭. | નાંદેડ | ૬૩૦ | ૧૦,૫૨૮ | ૩૩,૬૧,૨૯૨ | ૩૧૯ | ૧૬ | ૭૫.૪૫ |
| ૧૮. | પરભણી | ૫૦૮ | ૬,૫૧૭ | ૧૮,૩૬,૦૮૬ | ૨૮૨ | ૯ | ૭૩.૩૪ |
| ૧૯. | પાલઘર | ૯૦ | ૫,૩૪૪ | ૨૯,૯૦,૧૧૬ | ૫૬૦ | ૮ | ૮૦.૦૦ |
| ૨૦. | પૂના | ૧૭૦ | ૧૫,૬૪૩ | ૯૪,૨૯,૪૦૮ | ૬૦૩ | ૧૪ | ૮૬.૧૫ |
| ૨૧. | બીડ | ૩૯૫ | ૧૦,૬૯૩ | ૨૫,૮૫,૦૪૯ | ૨૪૨ | ૧૧ | ૭૬.૯૯ |
| ૨૨. | બુલઢાણા | ૫૬૫ | ૯,૬૬૧ | ૨૫,૮૬,૨૫૮ | ૨૬૮ | ૧૩ | ૮૩.૪૦ |
| ૨૩. | ભંડારા | ૯૧૬ | ૩,૮૯૫ | ૧૨,૦૦,૩૩૪ | ૩૦૮ | ૭ | ૮૩.૭૬ |
| ૨૪. | મુંબઈ ઉપનગર | ૧૫ | ૪૪૬ | ૯૩,૫૬,૯૬૨ | ૨૦,૯૮૦ | ૩ | ૮૯.૯૧ |
| ૨૫. | મુંબઈ શહેર | - | ૧૫૭ | ૩૦,૮૫,૪૧૧ | ૧૯,૬૫૨ | ૧ | ૮૯.૨૧ |
| ૨૬. | યવતમાલ | ૭૮૪ | ૯,૮૯૨ | ૨૭,૭૨,૩૪૮ | ૨૮૦ | ૧૬ | ૮૨.૮૨ |
| ૨૭. | રત્નાગિરિ | ૩૮૯ | ૮,૨૦૮ | ૧૬,૧૫,૦૬૯ | ૧૯૭ | ૯ | ૮૨.૧૮ |
| ૨૮. | રાયગડ | ૧૨૧ | ૭,૧૫૨ | ૨૬,૩૪,૨૦૦ | ૩૬૯ | ૧૫ | ૮૩.૧૪ |
| ૨૯. | લાતુર | ૪૮૪ | ૭,૧૫૭ | ૨૪,૫૪,૧૯૬ | ૩૪૩ | ૧૦ | ૭૭.૨૬ |
| ૩૦. | વર્ધા | ૮૨૨ | ૬,૩૦૯ | ૧૩,૦૦,૭૭૪ | ૨૦૬ | ૮ | ૮૬.૯૯ |
| ૩૧. | વાશિમ | ૬૨૮ | ૫,૧૩૪ | ૧૧,૯૭,૧૬૦ | ૨૩૩ | ૬ | ૮૩.૨૫ |
| ૩૨. | સતારા | ૨૯૧ | ૧૦,૪૮૦ | ૩૦,૦૩,૭૪૧ | ૨૮૭ | ૧૧ | ૮૨.૮૭ |
| ૩૩. | સાંગલી | ૪૧૫ | ૮,૫૭૨ | ૨૮,૨૨,૧૪૩ | ૩૨૯ | ૧૦ | ૮૧.૪૮ |
| ૩૪. | સિંધુદુર્ગ | ૫૮૧ | ૫,૨૦૭ | ૮,૪૯,૬૫૧ | ૧૬૩ | ૮ | ૮૫.૫૬ |
| ૩૫. | સોલાપુર | ૪૧૧ | ૧૪,૮૯૫ | ૪૩,૧૭,૭૫૬ | ૨૯૦ | ૧૧ | ૭૭.૦૨ |
| ૩૬. | હિંગોલી | ૫૮૩ | ૪,૫૨૪ | ૧૧,૭૭,૩૪૫ | ૨૬૦ | ૫ | ૭૮.૧૭ |
| **કુલ** | **મહારાષ્ટ્ર** | **-** | **૩,૦૭,૬૯૦** | **૧૧,૨૩,૭૪,૩૩૩** | **૩૬૫** | **૩૬૦** | **૮૨.૯૦** |

- 'શિવમ્', ૪૦/બી, વૃંદાવનનગર-૧,
વૈશાલી સિનેમા રોડ,
અંજાર (જિ. કચ્છ) ૩૭૦ ૧૧૦.
ફોનઃ ૦૨૮૩૬-૨૪૦૧૩૯/
૦૯૪૨૭૨૨૩૧૫૦
E-mail: bharat.thaker71@yahoo.com

# અપ્રગટ કાવ્ય

**શાંતિલાલ ગઢિયા**

'એ આવશે ત્યારે હું આટલું કહીશ અને મનનો ભાર હળવો કરીશ,' આવું વ્યક્તિ વિચારતી હોય છે, પણ ખરેખર મેળાપની ઘડી આવે ત્યારે હોઠ પર એકે શબ્દ આવતો નથી. એ મૌન મૂર્તિની જેમ ઊભી રહે છે.

માનવ મનની આ ખાસિયત છે. ભાવ, વિચાર, ઊર્મિનાં આંતર વહેણ અભિવ્યક્તિ માટે ઉત્સુક હોવા છતાં ભીતર ધરબાઈ રહે છે. માણસ ભારે મૂંઝવણ અનુભવે છે. આ લખનારને ક્યારેક આવા અનુભવો થયા છે. મનમાં એમ થાય કે આ કલ્પનાને કવિતામાં ઢાળી શકાઈ હોત તો કેવી સંતૃપ્તિ થાત! મનોમયસ્તર પર કવિતા રમતી હોય, પણ કલમ દ્વારા કાગળ પર શબ્દાંકિત થવામાં નિષ્ફળ! વાચકને મારા આ ભાવવિશ્વમાં લઈ જવા માગું છું.

એક રઢિયાળી રાતની વાત છે. ધરતીએ જ્યોત્સ્નાની શ્વેત સાડી પહેરી છે. સર્વ યુવાન હૈયાં જોબનમાં મીઠાં ગીત ગાય છે, પણ તે સમયે મારી આંખો ક્યાંક બીજે જ સ્થિર થયેલી છે. એક વિરહિણી અફાટ વનમાં ભટકતી નિઃસહાય હરિણીની જેમ આંસુ સારે છે. પ્રિયતમની પ્રતીક્ષા કરતાં નયન થાકી ગયાં છે. ઊંચે તારકવૃંદ એને મન આકાશના કાળજાનાં છિદ્રો છે. ચાંદની ચન્દ્રનાં આંસુ છે... અને મારા અંતરમાં કાવ્ય સ્ફુરે છે... મારા અંતરને વલોવી નાખતું કાવ્ય...

બચ્ચાનું જતન કરતું પંખી વૃક્ષ પર બેઠું છે, શાંત અને નિશ્ચિંત છે. માનવીની કઠોરતાથી અજાણ છે. એને મન તો પૃથ્વી પરની જિંદગી એટલે દયા, પ્રેમ અને મમતાનું ઉપવન. એટલામાં એક પારધીનું તીર પક્ષીની આરપાર નીકળી જાય છે. પક્ષી ઘાયલ થઈને નીચે પડે છે. બચ્ચા માટે અખૂટ વાત્સલ્ય... મરણની તીવ્ર વેદના... મારી આંખોના બંને ખૂણેથી અશ્રુનાં બે બુંદ પડે છે. એ મારું કાવ્ય.

માગશર-પોષના હેમંતનો શીતલ પવન પુષ્પલતાને ડોલાવે છે. પવનની લહેરો મારા માટે પુષ્પોની મધુર મહેક લઈને આવે છે. મારું મન પ્રસન્નતાથી તરબતર થઈ જાય છે. સહજ વતનનું ગામ સ્મૃતિમાં તાદશ્ય થાય છે. ફળિયામાં અને ઑસરી પર પથરાતો સવારનો કૂણો તડકો કેટલો આહ્‌લાદક લાગતો! ઘરમાં ઘડિયાળ

નહોતું, ભીંત પર પડતી તડકા-છાંયડાની રેખાઓ જોઈ સમયનો અંદાજ લગાવવામાં આવતો. સ્મૃતિઓનું મધુર કુંજન એ જ મારું પ્રચ્છન્ન કાવ્ય.

હું નદીકિનારે બેઠો છું. પ્રકૃતિનો વૈભવ માણું છું. પક્ષીઓનો કલરવ, પાણીમાં તરતી માછલીઓ, વૃક્ષોનાં પાનનો મર્મર ધ્વનિ... પ્રકૃતિનું કેવું મધુર ગાન! એક બાળક રેતીમાં ક્રીડાનંદમાં મશગૂલ છે. એની મા કિનારાના મોટા પથ્થર પર કપડાં ધુએ છે. બાળક ઘડી ઘડી માની પીઠ પાછળ લટકી ઝૂલે છે, મા ગુસ્સે થાય છે. 'અહીંથી આઘો જાય છે કે નહિ? આખો દિ પાછળ ને પાછળ.' બાળક રડતો રડતો દૂર રમવા ચાલ્યો જાય છે. પાણીમાં કાંકરા નાખે છે. પાણીમાં રચાતાં વર્તુળાકાર વમળો જોઈ એ હરખાય છે. ભોળા શિશુનાં રુદન અને સ્મિત એ જ મારું કાવ્ય.

– વડોદરા

ફો. ૦૨૬૫-૨૪૮૧૬૮૦

# Dhamma Yatra 2018

Lax Kenia

After sudden departure of my wife Premila, followed by my father Kunverji Bapa within two months, I needed an opportunity for contemplation to plan my life ahead as such decided to grab the suggestion of Dhamma Yatra-2018 originating from Varansi in Utter Pradesh and back for 13 days going thorugh Bihar and Nepal. I hope this write up of Dhamma Yatra will inspire others to take this journey and benefit from exploration of ancient path walked by Arihant and Buddha along with many truth seekers.

We began our travel further from BodhGaya to Rajgir.

Upon reaching Rajgir we were surprised to see picture of Chandna Mahasati at Virayatan, where we were to stay for two nights. The place was very clean and neat with greenery and open space. On inquiring we learnt, Chandnaji or Silapiji are not there, but we can meet Sadhakji. I went and met her and was swestruck by the devotional personality. She was busy in neatly dressing a doll she had made and updated with activity of Mahasatiji, explaining how they run two schools nearby, conduct regular eye camps for poor and other activities.

The Jinalaya had a Bhakti-Puja from 7 to 8pm along with inspiring lecture by Jain Sant and Sadhvi. We participated in Bhakti-Gheet as well as donated appropriate amount to support the activities at the Jinalaya. A simple meal consisting of dal, roti, vegetable and fresh salad was prepared by our kitchen staff. We retired early that night as the enxt morning was a long day and we have to start early to reach Gurukul Parvat.

We visited the Gurukul Parvat or Gijjjhakuta the vulture peak:

This beautiful parvat is connected by famous Rajgir Ropeway which leads to Shanti Stoopa. It contains Budhha's

Relics. Budhha had preached 'Lotus Sutra, prajna Paramita sutra, Lalitavistra sutra and Bhardrakalpika sutra here. Budhha's students Sariputta and Ananda became Arihnat in caves around this Parvat. Our group mediated at the shanti Stoopa and sent Metta(peaceful vibration) around the world. Since no onion and garlic cooked food is allowed in this Parvat, we had an opportunity to have a jain bhel and limboo pani.

Saptaparni Gufa: Although Budhha lived at this cave a few times it is more known for the venue of First Council (Pathamadai Dhamma Sangiti). After Budhha's death. MahaKassyapa, the senior monk desired the necessity of organizing Budhha's teachings. 500 Arihant's gathered at this place on Full moon of Asalha. They compiled and authenticated Buddha's teachings. King Ajatasatru provided sponsorship so that the monks could work for the seven month long event successfully.

Story of Bhikhu Ananad fascinated everyone. He was the monk who lived for 24 years with Buddha however he was not an Arihant. He would dream to become an Arihant with attachment.

As soon as he accepted that he is a sottapan... he was transformed in to Arihant.

Mahakassapa- The chief Bhikhu appointed UPALI, who was recognised as authority of MONASTIC DISCIPLINE (VINAYA) to recite code of conduct and circumstances that caused these rules to be formulated, When both ANANDA and UPALI had finished their recitations, the entire assembly repeated them togther in order to show unanimous acceptance of the compilation. From that time onward the Budhha's Teaching were preserved in that fashion until the Forth council was held in Sri Lanka in 29BCE, when they were written down for the first time on palm leaves.

To mediate and experience vibration of the place where 500 Arihnat's have walked mediated and recited Buddha's teachings was a once in life time opprtunity to cherish by all of Vipassana meditators.

Viru Van: This place was surrounded with a lotus pond, pavilions, walking

paths and cluster of bamboo trees and was the first monastery donated by Kink Bimbisara as sign of gratitude for receiving the precious gift of Dhamma. This is where the first. Varsha-Vas-Chomasa was instituted by Budhha. We meditated near the Budhha statue with Guruji tape playing for one hour.

Travel COMPANION T-1: We were 30 Vipassana meditators, who did not knew each other. We were meeting first time and began to know each other. We did not know each other's background or familes. Just their names and where are they from. Bus travel gave us an opportunity to extend the conversation to know each other better. It was one of that travel when T-1 came and set next to me because the other side of seats were warm due to direct sun coming from window. The conversation started and out of blue, she asked about my wife. Surprised by the question lead to unexpected reaction and tear dropped from my eyes. T-1 was shocked but I comforted her and told her I lost my wife in an accident followed by departure of my father at the age of 94. Few minutes of silence followed by a guilty feeling appeared on her face that she had touched the unintended soft corner of my feelings. I thought about it and shared more in detail. She followed sharing her pains in life leading to a divorce. Just verifying the grand truth stated by Budhha 'Dukh Hai' 'Dukh ka karan Hai'... and journey continued building our conversation leading to a lasting friendship.

Room Allotments: When we go for Vipassana courses, rooms are allotted by the organizers for a period of 10 days. The main forcus is on meditation and food and accomodation becomes relatively less important. Guruji always emphasizes to develop tolerance and be accommodative towards the needs of other sadhak's and to make sure all who have reached this gate/place of Dhamma get an opportunity to meditate as such a time may or may not come again.

However, when one comes to the Dhamma tour, regardless you are a Vipassana sadhak or not, expectation and your personal physical needs also become equally important. Some people desired private rooms, some others needed

western toilets. Some had the requirement of air conditioner while some adjusted in all situations. As such throughout the tour allocation of rooms to satisfy the needs of all did indeed become an issue. There is no single standard in Buddha circuit i.e. Utter Pradesh, Bihar and Nepal, about the size of rooms or the number of beds in each room. Some have two beds, some three and some even six beds. As such optimization of cost becomes opportunity to economize v/s comfort to be delivered.

NO OBJECTION GROUP: After few days of travel when our small group of Mr S and R along with me) were addressed as "No Objection Group". I was pleasantly surprised. By the name only later did we find out that we all theree were more tolerant then the others and accepted whatever came on our way and hence the name. We were tranquil and thankful that such a Vipassana Dhamma Tour was organized by few Dhamma Sevak and we are benefitting from it. We appreciated opportunity to vist, see and walk where Budhha had walked, and Arihant's had meditated. The viberation of purity that flew duing that time can still be felt and our life journey became more productive experiencing those vibrations of places. Perhaps that's what is called paripakvata in Dhamma.

This day was an entire day of travel until we reached Vaishali. On the way we stopped by to see DESRATH MANZI'S memorial at HILOR. This man DESARATH dug an etire mountain for 23 years and made a road untail then everyone had to walk several miles to have access to medical facility, which his wife could not receive because of distance being too far.

Vaishali - This is a place of collection of sleepy rural villages, Vesali used to be one of the most prosperous and glamourous cities during Buddha's days. This city was known for its creative arts, architectural wonders and enchanting parks and forests. Vesalt was so spectacular that the Buddha once comapared the city to a celestial realm and the richly decorated Licchaviprinces to celestial beings. Vesali was the capital of the Vajjianconfedearacy, reputed to be one of the first states in the world to adopt a democratic form

of government, where leaders were elected from the aristocratic class. The confederacy consisted of eight tribes who all lived in harmony due to heit stroong practice of the Dhamma and their meticulous application of the Buddha's seven guidelines for preventing decline in government. The people of Vesali loved Budhha and alywas offered him hospitality when he arrived. Feeling welcome, Buddha spent his fifth and last rains retreat here. If he wasn't found meditating or teaching around the cities many different shrines, Buddha spent his time at Ambapali's Mango Grove or in the Great Forest (Mahavana), which started at the city's outskirts and extended up the Himalayan foothills.

Five years after his Awakening, Buddha walked to Vesali from Rajagha to teach Dhamma while the city was suffering from a devastating drought, terrible famine and deadly plague. Seeing the misery the people faced, Buddha delivered the Jewel Discourse (Ratana Sutta), praising the insiring qualities of the Triple Gem.

The Sublime One, knower of the sublime. Showing the way to the sublime and offering the sublime has expounded the incomparable Dhamma. This is the precious jewel in the Buddha. By this truth, may there be well-being, cessation, detachment, and deathlessness. The well-established Sakyansage attatined these precious states. Nothing compares to this Dhamma. This is the precious Jewel in the Dhamma, by this truth, may there be well-being of all minds, free from craving, who apply themselves to the teaching of Gautama, Having attained that which should be attained, they plunge into nibbana, enjoying the highest obtained peace.

This is the precious jewel in the Sangha, By this truth, may there be well-being Legends tell theat as soon as he finished speaking, a loud burst of thunder followed by a heavy rain fell on the city, purging it of its misfortunes. Buddha then instructed Ananada to walk around the city and mindfully chant the sutta, which would help soothe the people's minds and inspire them to practise Dhamma.

Vaishali is the place where Buddha declared after his last Varshavas that he

will leave his body in next 3months. Jains of Vaishali requested to take Pari Nirvan in Vaishali as they used to follow cordial pricipality of 'JIVO AND JIVAVA DO' Budhha had something else in mind and proceeded towards Kusi Nagar.

Nalanda is about 15 km from Rajgir. When we reached Nalanda, we were awe-stuck with the size of plot and red bricks visible all along. We had an officially certified guide to take us through. The Nalanda university lay out is grand. Part of it has been excavated by Indian architectural society. The guide told us that 7500 students used to study there in the peak time when Nalanda was known as world class educational institution. The guide also shared with us several streams of education such as art, archery, astrology, oceanography etc. subjects were being taught. The guard at the gate was knowledgeable and used to take examination of students by asking ten questions. A student has to pass at least three questions in the area if he wishes to study at Nalanda.

(To be Continued)

M-9869036900

# કવિઓ અને આંતરજ્ઞાતિય લગ્નો

સી.એ. સંજય વિસનજી છેડા

છેલ્લા થોડાક વર્ષોથી ઘરે આવતી લગ્નની કંકોત્રીઓ જોઉં અને એમાં દસ માંથી છ કે સાત કંકોત્રી માં જોવા મળે કે કોઈ છેડા માંથી છાબરા થઈ રહ્યું છે કે કોઈ ગાલા નો હસ્ત મેળાપ, ઘોસાલકાર કે પછી કોઈ સાલીયા, અન્ય શેટ્ટી ના ઘરે કંકુવર્ણા પગલાં કરશે.

(બધી જ અટકો પ્રતીકાત્મક છે. હા આપણાં સૌ પાસે આવી કેટલીય અટકોના દાખલા તો હશે જ)

વાત અહીં, કોઈ જાત પાતની ઊંચનીય ની નથી વાત છે, કવિઓ માં વધી રહેલા આંતર જ્ઞાતિય લગ્નની. આ દરેક ઘરની સમસ્યા છે અને શક્ય છે કે દસ વર્ષ પછી મારા ઘરે પણ કોઈ પટેલ, પાટીલ, પુનમિયા કે પરેરા નું નામ ઉમેરાય.

કચ્છ પ્રાંત, ગુજરાત રાજ્ય નો જ એક ભાગ હોઈ, કચ્છી અને ગુજરાતી વચ્ચે આપણાં સમાજે વધારે તફાવત જોયો નથી અને દૂધમાં સાકરની જેમ, આપણે સૌએ કચ્છી-ગુજરાતી સંસ્કૃતિને એકમેકમાં ઓગળતા જોઈ છે. તેમ જ, આપણે સૌ ઓસવાલ, પેઢીઓ પહેલાં રાજસ્થાનથી મૂળમાં જોડાયેલા હોઈ, કચ્છ અને રાજસ્થાન ની સંસ્કૃતિ પણ સામ્ય ધરાવે છે.

વાત છે અહીં, એકદમ વિષમ સંસ્કૃતિઓના હસ્ત મેળાપ અને પછી મન મેળાપ ની.

વિવિધ સંસ્કૃતિઓ, વિવિધ રૂઢિઓ, વિવિધ રીત રિવાજો વચ્ચે એક યુગલ નો મનમેળ કેટલો સફળ જાય, એ ચર્ચા અહીં અસ્થાને છે.

વળી આંતર જ્ઞાતિય હોય કે સામસામે કવિઓ યુગલ હોય. બન્ને વચ્ચે મનમેળ, સુખી લગ્ન જીવન, બીજા કેટલાય પરિબળો પર અવલંબે છે. અહીં એવો દાવો પણ નથી કે આંતરજ્ઞાતિય લગ્ન કરતા કવિઓ લગ્ન વધુ સફળ થશે. આપણે સૌએ, કવિઓ યુગલો ને કોર્ટમાં લડતા પણ જોયા છે અને સામે છેડે, કોઈ અન્ય જ્ઞાતિ કે અન્ય ધર્મ ની કન્યા ને પણ, આપણી સંસ્કૃતિમાં સાકરની જેમ ઓગળી જતાં જોઈ છે.

અહીં વાત છે માત્ર એકદમ વિપરીત સંસ્કૃતિઓ ના હસ્તમેળાપ સાથે બદલાઈ રહેલા સામાજિક સમીકરણોની.

વાત શરુ કરીએ આ નવા ચલણ ના કારણોની.

**આંતર જ્ઞાતિય લગ્ન વધવાના કારણો**

૧. સગપણ કરાવનાર વચલી વ્યક્તિનો અભાવ કે ઓસરતો ઉત્સાહ. નવી પેઢી, નવા ભણતર, નવા ગણતર, છોકરા, છોકરીઓની નોકરી વગેરેને કારણે, હવે લોકો સગપણ ચીંધે તો છે, પણ બાંહેધરી કોઈ નથી આપતું.

એક જમાનો હતો, મારા પોતાના પરિવારની

વાત કરું તો કોઈ માંગા માટે તપાસ કરવા ફોન જોડ્યો, તો સામે દ્રઢતા પૂર્વક જવાબ મળ્યો હતો.

હલ્યા અચો. પાંજો જ ઘર આય અને મુંજી ખાતરી જ ન, મુજી જવાબદારી પણ આય.

અને આ જ ફોન આજના જમાનામાં કરીએ, તો જવાબ મળે કે.

છોકરી જો અઘા ત ભગવાન જો માડુ આય. માઁ પણ ઓખી નાંય. પણ છોકરે કે છોકરી જી તપાસ આઈ પંઢ કઈ ઘનો. છોકરી કે છોકરે જો પાંકે કોય ટચ નાય.

આજના સમય માં જવાબદારી કે ખાતરી માત્ર કમર્શિયલ ધોરણે લગ્ન પરિચય કરાવનાર જ આપે છે. અને એમનો આર્થિક સ્વાર્થ આ વાતમાં હોય, ત્યારે એમની જવાબદારી કે બાંહેધરી પર વિચારવું પડે.

૨. ઘટતી જતી કન્યાઓની સંખ્યા, હમ દો, હમારા એક ના ધોરણે, ઘટતી જઈ રહેલ સંતાનો ની સંખ્યા.

મારા નાનાને ૯ સંતાન હતા, મારા દાદાના ૬ સંતાન, પેઢી બદલાઈ અને મારા માતા પિતા ના અમે ચાર સંતાન. ફરી પેઢી બદલાઈ અને મારા ઘરે માત્ર એકવાર ઘોડ્યું બંધાયું. વાત ફક્ત મારા જ પરિવારની નથી, આ પ્રવાહ, દરેક કવિઓ જ નહીં, અન્ય જ્ઞાતિઓમાં પણ સ્પષ્ટ જોવા મળે છે.

આમ ધીમે ધીમે, આપણી જનસંખ્યા ઘટી રહી છે અને સાથે ઘટી રહી છે કન્યાઓની સંખ્યા. અને જ્યારે આખા ભારતમાં કન્યાઓની સંખ્યા ઘટી રહી છે તો કવિઓ પણ એમાં અપવાદ નથી.

અને બસ એ જ કારણે, ઘેર ઘેર સુકુમાર નું લિસ્ટ છે, પણ સુકન્યા કે કુમારીકાઓ શોધતા નાકે દમ અને આંખે પાણી આવી જાય છે. અને એટલે જ સગપણ અને એના માટે યોગ્ય પાત્ર, માત્ર કવિઓ જ નહીં, દરેક જ્ઞાતિમાં એક મોટી સમસ્યા છે.

૩. છોકરાઓના પ્રમાણમાં છોકરીઓનું વધારે ભણતર. છોકરીઓ ના વધુ ભણવામાં સમાજની નારી શક્તિનો વિજય છે એમાં બે-મત નથી, પણ સામે પક્ષે, છોકરાઓનું સરેરાશ ભણતર ઓછું હોવાને કારણે, વધુ ભણેલી, ગણેલી છોકરી માટે, આપણાં સમાજ માં જોડી બેસાડવી થોડી મુશ્કેલ થતી જાય છે.

વળી, ભણતર અને ગણતર ના તફાવત ને કારણે, બન્ને પક્ષે અપેક્ષાઓ અને વાસ્તવિકતા વચ્ચે નું અંતર પણ વધતું જાય છે. અને એટલે ઘણીવાર, સુકન્યાને યોગ્ય સુકુમાર કવિઓમાં શોધતા શોધતા, કન્યાની વધતી જતી ઉંમર, એના માતાપિતા માટે મોટી ચિંતા નો વિષય થઈ જાય છે.

૪. વધુ ભણતર અને નોકરી, વગેરે ને કારણે, છોકરા અને છોકરીઓનું, કવિઓ ની બહાર વધતું જતું મિત્ર, સહકર્મચારી અને અન્ય વર્તુળ. જુના સમયમાં, છોકરાઓને કામ કરવા માટે મોટા ભાગે પોતાની જ પેઢી પર જવાનું થતું અને સરવાળે એનું આખું સર્કલ, લગભગ કવિઓ થી ભરેલું રહેતું. સામે પક્ષે છોકરીઓના કામ કરવા જવાના બહુ ઓછા સંજોગો કે જરુરીયાત હોવાથી, તેઓ મોટા ભાગે, ભણી લીધા પછી, ઘરકામ, ભરતકામ,

ગૂંથણ. રસોઈ, વગેરે કળાઓ પર ધ્યાન આપતી. જમાનો બદલાતાં, છોકરાઓ અને છોકરીઓની નોકરી ધંધાની સીમાઓ બદલાઈ. સંજોગોનુસાર, તેઓના સર્કલ, કવિઓથી બહાર ફેલાવા માંડ્યા. અને એકવાર આ સમ્પર્ક સેતુ બંધાય એટલે, ઓફીસના સહ કર્મચારી, ક્યારે મિત્ર અને ક્યારે સર્વસ્વ બની જાય, એ વાત નો, ન વાલીઓને અંદાજ આવે ન આ નવી પેઢી ને.

૫. સોશિયલ મીડિયા.: ''એકવીસમી'' સદી કહો કે ''એક વસમી'' સદી એ આપણી ઉપર છે. પણ આ સદી, આ નવા ઈન્ટરનેટ યુગમાં જેટલા ફાયદા છે એટલા જ ગેરફાયદા પણ છે. સોશિઅલ મીડિયા, ફેસબુક, વોટ્સ એપ, ઈન્સ્ટાગ્રામ, પીન્ટરેસ્ટ, ટવીટર, લિંકડ-ઈન અને કેટલુંય. એ ઉપરાંત, શાદી.કોમ કે એવી કેટલીય નવી વેબ સાઈટ, જેમણે મેચ મેકીંગમાં નવો ટ્રેન્ડ શરુ કર્યો છે, જ્યાં, જાત પાત કે ધર્મ કે જ્ઞાતિના સીમાડા ભુલાતા ચાલ્યા છે. આજે દરેક યુવા વર્ગ, પરિવાર, સગા-વ્હાલા થી દૂર થતો જઈ, અન્ય કૂત્રિમ સંબંધોની દુનિયામાં રાચે છે, જીવે છે અને વિહરે છે. એવામાં, એનો કવિઓ સાથે નો સંપર્ક નબળો પડતો જાય છે. જ્યારે સામે છેડે, અન્ય સંબધો, વધુ મહત્વના થતા જાય છે.

૬. કવિઓ ની સગપણ સેતુ-જેવી યોજના પ્રત્યે, યુવા વર્ગનું ઉદાસીન વલણ.: એક તરફ જ્યારે નવી પેઢી, મેચ મેકીંગ માટે, ઈન્ટરનેટ અને વેબસાઈટ અને અન્ય માધ્યમ નો સહારો લે છે, તો બીજી તરફ, કવિઓ સમાજ દ્વારા થતા સગપણ સેતુ, પરિચય મેળા, વગેરે પ્રત્યે, આપણી નવી પેઢી ઉદાસીન રહી છે. કોઈ પોર્ટલ પર નામ નોંધાવનાર વ્યક્તિ, સમાજના સગપણ સેતુ કે વિવાહ પરિચય સંમેલન, વગેરેમાં આવતા કચવાય છે. મારા પોતાના સર્કલમાં કેટલાય લગ્નોત્સુક, ઉંમરલાયક યુવાન, યુવતીઓ છે, જે આપણા સમાજ દ્વારા રચાઈ રહેલ સગપણ સેતુ થી કોઈ યોગ્ય કારણ વિના દૂર રહે છે.

**પરિણામ સ્વરૂપ..**

૧. કચ્છી ભાષા, કચ્છી સંસ્કૃતિનો ધીમો અંત. આંતર જ્ઞાતિય લગ્ન નો સૌથી પહેલો ભોગ બને છે, કચ્છી બોલી. આમ પણ કેટલાય ઘરમાં કચ્છીનું સ્થાન ગુજરાતીએ લીધું છે અને આમ જ અન્ય જ્ઞાતિમાં કન્યા દાન લેવાતા કે દેવાતા રહેશે, તો કચ્છી બોલી ખતમ થઈ જશે.

(શક્ય હોય ત્યાં સુધી ઘરમાં કચ્છીનું ચલણ રાખો. નવી વહુ કે જમાઈને માટે ઘરની ભાષા ને બદલવાને બદલે એમને આપણી ભાષા તરફ લઈ આવો).

૨. આપણાં રીત, રસમ, રિવાજો, પહેડી, જુહાર, કુળદેવી, વર્ષે એકાદવાર આપણાં વતનની મુલાકાત અન્ય ધર્મ કે જ્ઞાતિ સાથે સંબંધમાં બીજો ભોગ બને છે. આપણા રીત રિવાજ, પહેડી, જુહાર, ચાતુર્માસ, શેષકાળ, સ્નેહ મિલન અને આપણાં ગામ સાથે જોડાયેલી, આવી કેટલીયે પ્રવૃતિઓ

(શક્ય હોય એ રીતે, આ રીત રિવાજ ને આપણાં ઘરમાં, આપણાં ચલણમાં જીવંત રાખો. અન્ય ધર્મ કે જ્ઞાતિની વ્યક્તિને પણ આપણે આપણી સંસ્કૃતિ તરફ વાળી શકીએ, એવો

અભિગમ રાખીએ. આપણી માદરે વતન સાથે, વર્ષની એક કે બે મુલાકાત ચાલુ રાખો. આપણા ધર્મ ગુરુ, ધર્મ સ્થાન સાથે, યુવા પેઢી ને થોડો સમ્પર્ક સેતુ ધમધમાવતા રહો.

૩. ખાનપાન ની રીતો.: અન્ય જ્ઞાતિ, અન્ય ધર્મ, અન્ય સંસ્કૃતિઓ સાથે મેળાપમાં એક ભોગ લેવાશે, આપણી ખાનપાનની રીત, રસમોનો, આપણાં વણલખાયેલા, પણ છતાં પડાતા કાયદાનો. જે ઘરોમાં રાત્રી ભોજન પણ કચવાતે મને થતું હોય, એ ઘરોમાં કંઈક અભક્ષ્ય આવવા માંડશે, તો આપણે ક્યાં પહોંચીશું! જે અભક્ષ્ય છે, એ ફક્ત જૈન ધર્મની નજરથી જ નહીં, માનવ ધર્મની નજર થી પણ વિચારી જુઓ. એ અભક્ષ્ય જ લાગશે.

**યુવા વર્ગને કવિઓ તરફ વાળવા કેટલાક સૂચનો**

૧. આ ઉપાયો કે સુઝાવ પહેલા એક ચેતવણી. પાણી પહેલા પાળ બાંધો તો ઠીક. પણ એક લિમિટ પછી, એકવાર આવા સંબંધ ની કૂંપળ ફૂટ્યા પછી, આપનું દરેક પગલું ખૂબ જ સમજી અને વિચારીને લેવું જરુરી. નવી પેઢી ની સમજ શક્તિ, સહન શક્તિ અને ધીરજ થી આપણે સૌ વાકેફ છીએ અને એટલે એક મર્યાદા પછી, એમને કંઈપણ કહેવું કે એમના માથે કોઈપણ વસ્તુ ઠોકી બેસાડવી, ન શક્ય છે અને ન હિતાવહ.

૨. કવિઓ દ્વારા થતી યુવા વર્ગની પ્રવૃતિઓ માં સક્રિય ભાગ. આપના ઘરના યુવા વર્ગ ને, આપણી સમાજ ની વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લેવડાવો. ભેરપો, ઓલમપિયા, મેરેથોન, વોલીબોલ, ક્રિકેટ, ફૂટબોલ, બાઈક રેલી અને એવું તો કેટલુંય. આપણા સમાજના મોભીઓ એ આપણા યુવા વર્ગ ને ફિટ રાખવા અને એમના વચ્ચેના સમ્પર્ક સેતુને ગાઢ કરવા, બનતા પ્રયત્ન કર્યા છે. બસ આ પ્રયત્નો ને વેગ આપો. અને આપના ઘર ના થનગનતા યુવા વગ્ર ને સમાજ ના આ સમાજ લક્ષી સેવા યજ્ઞોમાં ભાગ લેવડાવો.

માત્ર આ જ નહીં, બુક બેંક, બ્લડ ડોનેશન કેમ્પ, રોજ સવારે હોસ્પિટલો માં થતા અન્ન દાન યજ્ઞ, વિવિધ સંસ્થાઓની ચૂંટણીઓ, અનેક સંસ્થાઓ દ્વારા થતા સમર કેમ્પ, પર્સનાલિટી ડેવલપમેન્ટ કેમ્પ આ બધા માં નવી પેઢીને મોકલો.

આ બધી પ્રવૃતિઓમાં, એ તન અને મન થી તંદુરસ્ત તો થશે, પણ સાથે સાથે, આપણી સંસ્કૃતિ, આપણાં ઈતિહાસ, એ બધા સાથે એનો પરિચય થશે, ઘરોબો વધશે અને સાથે સાથે, આ બધા યુવા વર્ગ, એક મેકના પરિચયમાં આવી, આપણાં સગપણ સેતુને વધુ મજબૂત કરશે.

છેલ્લે

આ બધા વચ્ચે, યુવા વર્ગનું આપણાં સમાજ, આપણી સંસ્કૃતિ થી દુર જવાનું એક મોટું કારણ છે, સમાજ માં ચાલી રહેલ કેટલાક દુષણો, ખોટા રિવાજ, ખોટા ભપકા, દંભ અને આંડબર. યુવા વર્ગ સાથે નો મારો અનુભવ છએ કે નવી પેઢીને આ બધી વાતોની સખત ચીડ છે અને આ પણ એક કારણ છે, એમને કવિઓ થી વિમુખ કરનાર.

તો મિત્રો. ચાલો, આ દિશામાં વિચારીએ, આપણી ભૂલોને સ્વીકારીએ, સુધારીએ અને નવી પેઢી ને કવિઓ ની નિકટ લાવવા પ્રયત્ન કરીએ.

અસ્તુ.

# ઈશ્વર

**હીરજી ખીમજી ધરોડ**

વિચારકો અને વૈજ્ઞાનિકોમાં એક ગજબનું સામ્ય રહ્યું છે. તા. ૧૪-૩-૨૦૧૮ના ખ્યાતનામ ભૌતિક વિજ્ઞાની સ્ટીફન હોકિંગનું લંડનમાં ૭૬ વર્ષની વયે નિધન થયું. એમનું અવસાન થયું ત્યારે ઘણા લોકોએ આલ્બર્ટ આઈન્સ્ટાઈનને યાદ કર્યા. બન્ને અવ્વલ દરજ્જાના વૈજ્ઞાનિકો વચ્ચેની સામ્યતાની વાત કરી. આઈન્સ્ટાઈનની જન્મ તારીખ ૧૪-૩-૧૮૭૯ અને હોકિંગની અવસાનની તારીખ ૧૪-૩-૨૦૧૮.

આ માહિતી રસપ્રદ છે. એથી વધુ રસપ્રદ વાત છે આ બન્ને વૈજ્ઞાનિકોના વિચારોમાં સામ્યતા હતી. અંગ્રેજીમાં કહેવત છે ''Great minds think alike'' મતલબ કે મહાન હસ્તીઓની વિચારધારામાં સામ્યતા હોય છે. આઈન્સ્ટાઈન અને હોકિંગને ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા ન હતી. આઈન્સ્ટાઈનની ધાર્મિક માન્યતાઓ વિષે ખૂબ અભ્યાસ કરવામાં આવ્યો છે. એમને માનવની નિયતિનું નિર્માણ કરતા ઈશ્વરમાં વિશ્વાસ ન હતો. એમના શબ્દોમાં ''હું નાસ્તિક નથી, પણ અજ્ઞેયવાદી છું.''

સરખામણીમાં હોકિંગે ૨૦૧૪માં આપેલ એક મુલાકાતમાં જણાવ્યું હતું, ''આપણે વિજ્ઞાન જાણતા, સમજતા થયા એ પહેલાં ઈશ્વરે આ બ્રહ્માંડનું સર્જન કર્યું હશે એવી માન્યતા બંધાઈ હોય એ સ્વાભાવિક હતું. આજની તારીખમાં વિજ્ઞાન વધુ અસરકારક ખુલાસો કરે છે. મેં જ્યારે એમ કહ્યું હતું કે ઈશ્વરના મગજમાં શું રહેલું છે એનાથી આપણે અજાણ ન હોઈ શકીએ એનો અર્થ એમ થાય છે કે જો ઈશ્વરનું અસ્તિત્વ હોય તો એની પાસે જે જાણકારી હોય એ બધી જ જાણકારી આપણી પાસે પણ હશે. જોકે, મારું તો સ્પષ્ટપણે માનવું છે કે ભગવાન છે જ નહીં.''

આ બન્ને મહાન વૈજ્ઞાનિકોને એલિયનમાં શ્રદ્ધા છે. બ્રહ્માંડમાં પરગ્રહવાસીની સંભાવનાનો બન્નેએ સ્વીકાર કર્યો હતો.

વીસેક વર્ષ પહેલાં વિખ્યાત બ્રિટિશ ખગોળવિજ્ઞાની અને એસ્ટ્રોનોમર રોયલ માર્ટિન રિટ્ઝ મુંબઈ પધારેલા. તાતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચમાં તેમનો ઈન્ટરવ્યુ લેવાયેલો ત્યારે પ્રોફેસર નારલીકર, પ્રોફેસર ચિત્રે અને ડો. જે. જે. રાવલ ત્યાં હાજર હતા. ઈન્ટરવ્યુ લેનારે પ્રોફેસર રિટ્ઝને પૂછ્યું કે આપ ઈશ્વરમાં માનો છો? ત્યારે રિટ્ઝે જવાબ આપેલો કે ઈશ્વરમાં ન માનવા કરતાં માનવું સારું.

આપણે ભારતવાસીઓ બહુધા ઈશ્વરમાં માનીએ છીએ. ઈશ્વર છે કે નહીં એ વિષે ભાગ્યે જ વિચારીએ છીએ. ઈશ્વરને માનનારા અને ન માનનારાના જીવનમાં કંઈ ખાસ ફરક પડતો નથી. દુઃખમાં ઈશ્વરને માનનારા, દુઃખમાં સ્વીકારે છે ''કભી ખુશી કભી ગમ.''

*(આ લેખ મુંબઈ સમાચારમાં પ્રસિદ્ધ થયેલ હેન્રી શાસ્ત્રીનાં મંતવ્યોના આધારે લખેલ છે.)*

- ઘાટકોપર (પૂર્વ)

ફોનઃ ૨૫૦૧૦૮૨૧

# “શું આત્મહત્યાના વિચારો/પ્રયાસ બીમારી છે?”

ડો. મણિલાલ ગડા. / ડો. દિપ્તી શાહ (ગડા)

શુક્રવાર તા. ૧૩ મે ૨૦૧૮ના રોજ મુંબઈથી પ્રસિધ્ધ થતા શહેરના પ્રતિષ્ઠિત વર્તમાન પત્રોમાં આઘાતજનક સમાચાર વાંચ્યા. ઉચ્ચ હોદ્દા પર બિરાજતા સીનીયર પોલીસ ઓફિસરે પોતાના પર ગોળી મારી આત્મહત્યા કરી. સામાજીક વર્તુળમાં આ કેસ બાબત થતી ચર્ચા સાંભળવા મળી. લોકોમાં મનની બીમારીઓ, માનસિક દરદીઓ તથા ખાસ કરીને આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિ પ્રત્યે નકારાત્મક વલણ વિષે વધારે જાણકારી મળી.

આ આઘાતજનક સમાચારથી પ્રેરણા મળી આજનો આ લેખ લખવાની. મનમાં નીચેના પ્રશ્નો ઉઠયા તથા મનોચિકિત્સક તરીકે એના જવાબ આપી ગેરસમજ દૂર કરવાનો પ્રયત્ન કરવાનો પ્રયાસ કર્યો છે.

**પ્રશ્નોઃ**

૧) શું આત્મહત્યાના વિચારો કે આત્મહત્યાનો પ્રયાસ કરવો એ માનસિક બીમારી છે?

૨) શું યોગ્ય સમયે નિદાન કરી તથા યોગ્ય સારવાર કરવાથી આત્મહત્યા અટકાવી શકાય છે?

૩) પરિવારજનો તથા સમાજના અન્ય લોકો કઈ રીતે એ વ્યક્તિનું યોગ્ય નિદાન તથા યોગ્ય સારવાર કરાવવામાં સહકાર આપે જેથી આત્મહત્યા અટકાવી શકાય?

૪) આત્મહત્યાના વિચારો આવનાર વ્યક્તિ તરફ કઈ રીતે પરિવારજનો તથા સમાજના અન્ય લોકો સકારાત્મક વલણ અપનાવે?

**આત્મહત્યાના વિચારો/પ્રયાસઃ મનની બીમારીના લક્ષણોઃ**

આત્મહત્યાના વિચારો આવવા ‘‘જીંદગી જીવવા જેવી નથી’’ ‘‘આના કરતાં મોત સારું’’ ‘‘ભગવાન મને જલ્દી બોલાવી લે’’ એવા મરવાના વિચારો આવે, આત્મહત્યા માટેનું આયોજન કરે, આત્મહત્યા કરવાની પધ્ધતિઓ વિષે વાંચન કરે, બીજા જોડે ચર્ચા કરે, જાણકારી મેળવે, આત્મહત્યાનો પ્રયાસ કરવો એ એક મનની બીમારીના લક્ષણો છે.

જેવી રીતે તાવ આવવો કે કમળો થવો એ શારીરિક નબળાઈ નથી પરંતુ રોગ છે જે યોગ્ય સારવાર કરવાથી દૂર થાય છે તથા વ્યક્તિ નોરમલ થઈ સર્વ કામ કરી શકે છે તેવી જ રીતે આત્મહત્યાના વિચારો આવવા કે આત્મહત્યાનો પ્રયાસ કરવો એ વ્યક્તિની માનસિક નબળાઈ નથી પરંતુ માનસિક રોગ છે જે યોગ્ય સારવાર કરવાથી વ્યક્તિ નોરમલ થાય છે તથા પૂર્વવત પોતાની જવાબદારી સ્વીકારી નોરમલ કામ કરી શકે છે.

આ પ્રકારના નકારાત્મક વિચારો પર વ્યક્તિનો કાબૂ નથી હોતો. વ્યક્તિ જાણી જોઈને વિચાર કરે છે એવું નથી. જરૂરત છે યોગ્ય નિદાન કરી યોગ્ય સારવાર કરવાની.

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ આત્મહત્યાના વિચારો, આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિ ''મદદ માટે પોકાર (cry for help) કરે છે. પરિવારજનો તથા સમાજે આ પોકારને સહાનુભૂતિપૂર્વક સમજી યોગ્ય સારવાર કરાવવી જરૂરી છે.

**આત્મહત્યા/મરવાના વિચારોનું મનોવૈજ્ઞાનિક પૃથકરણઃ (Psychiatric Analysis of Suicidal thoughts)**

''જીંદગી જીવવા જેવી નથી'', ''જીંદગીમાં રસ નથી'', ''આના કરતાં મરી જવું સારું'', ''મોત જલ્દી આવે'', ''ભગવાન તું મને તારી પાસે બોલાવી લે'' વગેરે વિચારોનું નીચે પ્રમાણે ઊંડાણમાં મનોવૈજ્ઞાનિક પૃથઃકરણ કરવું જરૂરી છે.

૧) ઉપરોક્ત મરવાના વિચારો કેટલી વખત આવે છે? (વારંવાર, હરપળે, કોઈક વખત, જવલ્લેજ)

૨) ક્યા સંજોગોમાં વિચારો આવે છે? (પ્રવૃત્તિ વખતે આવે છે, નવરાશની પળોમાં આવે છે, વિચારો શરૂ થાય એ પહેલાં કઈ નકારાત્મક લાગણીઓવાળી ઘટના ઘટે છે?)

૩) સીધા કે પરોક્ષ વિચારો આવે છે? (active or passive) જીંદગીમાં જીવવાનો રસ ઓછો થઈ ગયો છે, જીંદગી જીવવામાં મજા નથી વગેરે પરોક્ષ (passive) મરવાના વિચારો છે. મરી જઈએ તો આમાંથી છૂટીએ, ભગવાન મને મોત આપે, આત્મહત્યાની પધ્ધતિ વિશેના વિચારો આવે વગેરે સીધા મરવાના/આત્મહત્યાના વિચારો છે.

૪) આત્મહત્યા કરવાની પધ્ધતિ કે રીત વિશેના વિચારો આવે છે? આત્મહત્યા કરવાની અલગ અલગ પધ્ધતિઓ વિશેનું વાંચન કર્યુ હોય, માહિતી મેળવી હોય, પધ્ધતિ વિશે મનમાં ઊંડાણમાં વિચારી લીધું હોય.

૫) મનમાં આત્મહત્યા કરવાનું આયોજન (planning) કરી લીધું છે? ક્યા સમયે, કઈ રીતે આત્મહત્યા કરવી, આત્મહત્યા વિશેની ચીઠ્ઠી (suicidal note) લખી છે?

ઉપરોક્ત માહિતી વિચારો/આત્મહત્યા વિષે તપાસ કરી મનોવૈજ્ઞાનિક રીતે તારવણી કરવામાં આવે છે કે આત્મહત્યા કરવા માટે વ્યક્તિ/દરદી કેટલી કૃતનિશ્ચયી છે તથા મનોચિકિત્સા માટે તાત્કાલિક ક્યા પગલાં લેવાની જરૂર છે (હોસ્પિટલમાં દાખલ કરી, સતત નિરીક્ષણ હેઠળ સારવારની જરૂર છે કે નહીં એ નિર્ણય લેવાય છે.)

**મનની બીમારીનું નિદાનઃ**

નકારાત્મક કે આત્મહત્યાના વિચારો જો વ્યક્તિ વ્યક્ત કરતી હોય તો એ વ્યક્તિ મનની બીમારીથી પીડાય છે કે નહીં એ બાબત યોગ્ય નિદાન કરવું અગત્યનું છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા તથા અન્ય સંશોધનો દ્વારા ચોક્કસપણે તારવણી પ્રમાણે આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિઓમાંથી ૮૦% વ્યક્તિઓ હતાશાની બીમારીથી પીડાતી હોય છે.

મરવાના વિચારો, આત્મહત્યાનો પ્રયાસ હતાશાની બીમારીના લક્ષણો છે. યોગ્ય સમયે યોગ્ય નિદાન તથા ત્વરિત સારવાર કરવાથી આત્મહત્યા અટકાવી શકાય છે.

**નિદાન માટે અગત્યના મુદ્દાઓઃ**

૧) વિચારો સિવાય હતાશાની બીમારીના અન્ય લક્ષણો છે કામમાં મન ન લાગવું, વારંવાર રડવું આવવું, રસ ઉડી જવો, આત્મવિશ્વાસ ઓછો થઈ જવો, એકાગ્રતાનો અભાવ, ભવિષ્યમાં કાંઈ સારું નહીં થાય એવા વિચારો, પોતે કામના નથી રહ્યા, ઊંઘ ન આવવી, શારીરિક નબળાઈ, માથાનો દુખાવો, શરીરમાં કળતર, ભૂખ ન લાગવી.

આત્મહત્યાના વિચારો જોડે અપરાધભાવ (guilt feeling) ''મેં પાપ કર્યા છે'', ''હું સૌને બોજારૂપ'',''મારા થકી બીજા દુઃખી છે'' વગેરે વિચારો હોય તો આત્મહત્યા કરવાની શક્યતા ખૂબ જ વધી જાય છે.

૨) ભૂતકાળમાં હતાશાની બીમારી થયેલ છે.?

૩) તાજેતરમાં માનભંગ કે પ્રતિષ્ઠાભંગનો પ્રસંગ બન્યો છે; જીવનસાથી કે પ્રિય વ્યક્તિનું અણધાર્યું અવસાન; મહત્વની વ્યક્તિ જોડે ચકમક, કે અણબનાવ; ધંધામાં, પ્રેમમાં, પરીક્ષામાં નિષ્ફળતા; નાણાંકિય તકલીફ; સામાજીક સંસ્થામાં માનભંગ કે પ્રતિષ્ઠાભંગ જેવા પ્રસંગો થયા હોય તો આત્મહત્યાની શક્યતા વધી જાય છે.

૪) કુટુંબમાં અન્ય વ્યક્તિએ આત્મહત્યા કરી હોય.

ઉપરોક્ત મુદ્દાઓ તથા આત્મહત્યાના વિચારોનું પૃથઃકરણ કરી યોગ્ય નિદાન કરાય છે.

**હતાશાની બીમારીઃ**

૧) હતાશાની બીમારી એક બીમારી છે એ સ્વીકારવું જરૂરી છે.

૨) હતાશાની બીમારી થવી એ વ્યક્તિનો ગુનો કે ભૂલ નથી.

૩) હતાશાની બીમારી કોઈને પણ થઈ શકે છે. ઉચ્ચ શિક્ષણ લીધું હોય કે અભણ હોય, પૈસાદાર કે ગરીબ, સ્ત્રી કે પુરુષ, નાની કે મોટી ઉંમર, દરેક દેશોમાં, દરેક સંસ્કૃતિમાં પ્રાચીન કાળથી હતાશાની બીમારી થાય છે.

૪) દરદી ઢોંગ કે નાટક નથી કરતો.

૫) હતાશાની બીમારીમાં મગજના અલગ અલગ અવયવોમાં રચના, કદના ફેરફારો થાય છે.

૬) હતાશાની બીમારીમાં હોરમોન્સ ન્યુરોટ્રાન્સમીટર્સની માત્રામાં ફેરફારો થાય છે. જે દરદીના કાબૂમાં નથી.

૭) દવાઓ દ્વારા આ ન્યુરોટ્રાન્સમીટર્સની માત્રા નોરમલ થાય છે જેથી બીમારી કાબૂમાં આવે છે.

# સાહિત્ય-અમૃત

સંકલન : ચંદ્રકાન્ત નંદુ

સાહિત્યના તમામ પ્રકારોમાં 'ટૂંકી વાર્તા'નું સ્વરૂપ અને એનો વ્યાપ વિશિષ્ટ રહ્યો છે. જગતની દરેક ભાષાઓમાં એનું વિપુલ ખેડાણ થયું છે. સાહિત્યનો આ પ્રકાર એક સામાન્ય પાઠકથી લઈને સાહિત્યના વિશારદ સુધી દરેક માટે હંમેશાં ધ્યાનાર્હ રહ્યો છે. ગુજરાતી ભાષામાં ટૂંકીવાર્તા તો બહુ પહેલાથી લખાતી આવી છે પરંતુ વીસમી સદીના શરૂઆતના વર્ષોથી ટૂંકીવાર્તાને એક નવો વળાંક મળ્યો. આ કાળ દરમ્યાન ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી અને રામનારાયણ વિશ્વનાથ પાઠકે ટૂંકીવાર્તાને ગુજરાતી સાહિત્ય-જગતમાં પ્રતિષ્ઠિત સ્થાને સ્થાપિત કરી.

ગૌરીશંકર ગોવર્ધનરામ જોષીએ નવલિકા, નવલકથા, નિબંધ અને નાટક જેવા સાહિત્યના અનેક સ્વરૂપોમાં માતબર સર્જન કર્યું છે. પણ એમનું ટૂંકીવાર્તાનું સર્જન તો શિરમોર રહ્યું. ગુજરાતના વીરપુરમાં એમનો જન્મ. ઉચ્ચ શિક્ષણ જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાં અને સંસ્કૃત અને અંગ્રેજીના મુખ્ય વિષયો સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી ૧૯૨૦માં સ્નાતક થયા. ગૌરીશંકર જોષીનું ટૂંકીવાર્તાનું સર્જન અપૂર્વ હતું. એમના આ સર્જને ગુજરાતી સાહિત્યાકારો એમને ધ્રુવતારક સ્થાને સ્થિત કર્યા.

**આ ગૌરીશંકર ગોવર્ધનરામ જોષી એટલે આપણા 'ધૂમકેતુ'.**

ઉમાશંકર જોશી કહે છેઃ ''ટૂંકી વાર્તાનો કલારોપ ગુજરાતી સાહિત્યમાં ધૂમકેતુને હાથે હંમેશ માટે રોપાયો. અને દૃઢમૂળ થયો.'' ગુજરાતી સાહિત્યને ધૂમકેતુના ટૂંકી વાર્તાના પ્રદાન અંગે ઉમાશંકર કહે છે કે હિંદુસ્તાનમાં ધૂમકેતુની સમકક્ષ પ્રતિભા ધરાવતા વાર્તાલેખકો પાંચ-છ હોય તો પણ મોટી વાત.

ધૂમકેતુની સંવેદનશીલતા એમની વાર્તાઓમાં અછતી કેમ રહે? આ ઋજૂ હૃદયી સાહિત્યસર્જકની વાર્તાઓમાં સ્ફુટતિ ઊર્મિઓના સ્પર્શે ઉમાશંકર કહે છે ''શ્રી ધૂમકેતુએ ટૂંકી વાર્તાને ઊર્મિકાવ્યની લગોલગ લાવી મૂકી હતી.''

આ વર્ષ શ્રી ધૂમકેતુની સવાસોમી જન્મજયંતિનું વર્ષ છે. ગુજરાતી સાહિત્યમાં વાર્તાલેખનમાં અનન્ય છાપ ઉપસાવનાર ધૂમકેતુના વાર્તાસંગ્રહ 'તણખા-૧' માં કુલ ૧૯ વાર્તાઓ છે. વર્ષ ૧૯૨૬માં એની પ્રથમ આવૃતિ પ્રકાશિત થાય છે. 'તણખા'ની નવમી આવૃતિ ૧૯૫૧માં પ્રસિદ્ધ થઈ. એમના આ વાર્તાસંગ્રહની વાર્તાસાહિત્યમાં પ્રથમ હરોળમાં સ્થાન પામનારી વાર્તા છે 'પોસ્ટઓફિસ'.

આવા આ વાર્તાકારની લગભગ એક સેંકડા પૂર્વે લખાયલી વાર્તા 'પોસ્ટઓફિસ', સાંપ્રતકાળે જ્યારે આપણી હૃદયોર્મિ આળી થતી જાય છે ત્યારે વધુ પ્રસ્તુત ભાસે છે.

ડીજીટલ થઈ રહેલા સમય સાથે માણસ પણ આજે ડીજીટલ થઈ રહ્યો છે અને એની સંવેદનાનો આંક શૂન્ય તરફ ધસી રહ્યો છે.

મોબાઈલ, ઈન્ટરનેટ, વોટસઅપ અને ફેસબુકના આક્રમણે 'પોસ્ટઓફિસ'નું સ્થાન હાંસિયામાં મૂકી દીધું છે પણ આજથી આઠેક દાયકા પૂર્વે 'પોસ્ટઓફિસ', 'પોસ્ટમેન' અને 'પોસ્ટ-ટપાલ' જીવનના અંતરંગ અંગો હતા. હિંદુસ્તાનના ગ્રામ્ય જીવનમાં પોસ્ટમેન એક જીવંત ધબકાર હતો. અભણ મા શહેરમાં ગયેલા દીકરાની ટપાલ લઈને ટપાલીના આવવાની કાગડોળે રાહ જોતી. પોસ્ટમેન ઘરને ઓટલે બેસીને અભણ મા પાસે દીકરાના આવેલ કાગળના અક્ષર ઉકેલી દેનાર કુટુંબનો સભ્ય હતો.

'પોસ્ટઓફિસ' એક પિતાની, દીકરી માટે વહેતી સ્નેહની સરવાણી છે. દીકરીના વિરહથી વલોવાતા પિતૃહૃદયની આ કથા છે.

કોચમેન અલી ડોસાની દીકરી મરિયમ. આમ તો અલી એક શિકારી હતો. એના રક્તમાં શિકાર એવી રીતે વહેતો હતો કે જેમ એક અફીણીને અફીણ લેવું પડે તેમ અલીને શિકાર કરવો પડે. એની તીક્ષ્ણ દૃષ્ટિને ચાતરીને શિકાર માટે બચવું અશક્ય હતું. પરંતુ જીવનસંધ્યાને આરે આવેલા અલીના જીવનમાં અચાનક પલટો આવે છે. એની એકની એક દીકરી મરિયમના લગ્ન થતાં મરિયમ સાસરે ગઈ. જમાઈ લશ્કરમાં નોકરી કરતો હતો. મરિયમ પંજાબ તરફ ક્યાંક એના પતિ સાથે ગઈ. પાંચ વર્ષ થયાં એના કોઈ સમાચાર નથી. અલીના જીવનમાં બીજું તો કોઈ નથી. એક મરિયમ જ તો એની જીવાદોરી હતી. તેતરનાં બચ્ચાંને આકુળવ્યાકુળ દોડતાં જોઈ શિકારનો આનંદ લેતા અલીએ જાણ્યું કે સ્નેહ અને વિરહ શું છે. અલીની આ દશાને લેખક વર્ણવે છે. અલીનું બદલાયલું જીવન આપણી સમક્ષ આબેહુબ તાદૃશ્ય થાય છે.

**''શિકારનો રસ એની નસેનસમાં ઊતરી ગયો હતો; પરંતુ જે દિવસે મરિયમ ગઈ ને તેને જિંદગીમાં એકલતા લાગી, તે દહાડાથી અલી શિકારે જતાં શિકાર ભૂલી, સ્થિર દૃષ્ટિથી અનાજનાં ભરચક્ક લીલાં ખેતર તરફ જોઈ રહેતો! એને જિંદગીમાં પહેલી વખત સમજાયું કે કુદરતમાં સ્નેહની સૃષ્ટિ અને વિરહનાં આંસુ છે! પછી તો એક દિવસ અલી એક ખાખરાના ઝાડ નીચે બેસીને હૈયાફાટ રોયો. ત્યાર પછી હંમેશા સવારમાં ચાર બજ્યે ઉઠીને એ પોસ્ટઑફિસે આવતો. એનો કાગળ તો કોઈ દિવસ હોય નહિ; પણ મરિયમનો કાગળ એક દિવસ આવશે એવી ભક્તના જેવી શ્રદ્ધામાં ને આશાભર્યા ઉલ્લાસમાં તે હંમેશાં સૌથી પહેલો પોસ્ટઑફિસે આવીને બેસતો.''**

અને અહીં વાર્તાની શરૂઆત થાય છે. વહેલી પરોઢે અલી પોસ્ટઓફિસે જવા નીકળે છે. વાર્તાનું સ્થળ કોઈ નાનું શહેર છે. પણ જે વાતાવરણ લેખકે ઊભું કર્યું છે એ તો કોઈ ગામનું છે. ધૂમકેતુના લખાણોમાં ગ્રામ્ય પરિવેશ સહજ રીતે અવતરે છે. લેખકનું સચોટ અવલોકન અહીં દેખાય છે. જુઓઃ

પાછલી રાત્રિનું ભૂરું આકાશ, માનવજીવનમાં અનેક સુખદ યાદગીરી ચમકી રહે તેમ, નાનામોટા તારાઓથી ચમકી રહ્યું હતું. ઠંડા પવનના સૂસવાટાથી પોતાના જૂના અને ફાટેલા ઝભ્ભાને શરીરે વધારે ને વધારે લપેટી લેતો એક વૃદ્ધ ડોસો શહેરના મધ્યભાગમાં થઈને જતો હતો. સ્વાધીન અવસ્થા ભોગવતાં કેટલાંક ઘરોમાંથી આ વખતે ઘંટીનો મધુર લાગતો અવાજ, સ્ત્રીઓના ઝીણા સ્વર સાથે, આવતો હતો. એકાદ કૂતરાનો અવાજ, કોઈક વહેલા ઊઠનારનાં પગરખાંનો છેટેથી સંભળાતો શબ્દ કે કોઈ અકાળે જાગેલા પક્ષીનો સ્વરઃ એ સિવાય શહેર તદ્દન શાંત હતું. લોકો મીઠી નિદ્રામાં ઘેરાતા હતા, અને

શિયાળાની ઠંડીથી રાત્રિ વધારે ને વધારે ગાઢ બનતી હતી. કહે નહિ છતાં કતલ કરી નાખે એવા મીઠા મનુષ્યના સ્વભાવ જેવી શિયાળાની ઠંડી, કાતિલ હથિયારની માફક પોતાનો કાબૂ સર્વત્ર ફેલાવી રહી હતી. વૃદ્ધ ડોસો ધ્રૂજતો ને શાંત રીતે ડગમગ ચાલતો, શહેરના દરવાજા બહાર થઈ, એક સીધી સડક પર આવી પહોંચ્યો, ને ધીમે ધીમે પોતાની જૂની ડાંગના ટેકાથી આગળ વધ્યો.

અલી આગળ વધે છે. સડકની એક તરફ એક છેલ્લી ઢબનું મકાન છે. એની બંધ બારી અને બારણામાંથી દીવાનો ઉજાશ બહાર આવે છે. વૃદ્ધ ડોસાની આંખમાં મકાન જોતાં આનંદની ચમક આવે છે. ખૂલી સડક પાસે ઠંડી વધારે હતી. શિયાળાની ઠંડીનો અહેસાસ કરાવતું કેવું. અનેરું કલ્પન લેખક આપે છે.

**પવન સોંસરવો નીકળી જતો હતો; ને શુક્રના તારાનું મીઠું તેજ, બરફ પડે તેમ પૃથ્વી ઉપર ઠંડીના કટકા જેવું પડતું હતું.**

મકાન પર એક જૂના પાટિયા પર લખ્યું છે. 'પોસ્ટઓફીસ' ડોસો બહાર પડથાર પર બેઠો. ઓફિસમાં બે-ચાર કારકુનો કંઈ ગુસપુસ કરતા હતા.

અંદર કારકુન સરનામાં બોલી, આવેલી ટપાલ પોસ્ટમેન તરફ નાખતો હતો. 'કમિશ્નર,.. સુપરિન્ટેન્ડન્ટ, દીવાન સાહેબ... બહાર ડોસાને આવેલો જોઈ કોઈ ટિખળ કરે છે, અને બોલે છે. 'કોચમેન અલી ડોસા.' અવાજ સાંભળી અલી ઊભો થાય છે. બારણા પાસે આવે છે અને અંદરથી નિષ્ઠુર મજાકભરેલું હાસ્ય આવે છે. ડોસો પાછો પડથાર પર બેસી જાય છે. છેલ્લા પાંચ વર્ષથી અલી નિયમિત અહીં આવે છે. પડથારની એ જગ્યાએ બેસવાનો એને અભ્યાસ થઈ ગયો છે. દીકરી મરિયમનો કાગળ લેવા. પોસ્ટઓફિસ એનું ધર્મક્ષેત્ર-તીર્થસ્થાન બન્યું છે.

**''અખૂટ શ્રદ્ધા ને અનંત ધૈર્ય હોય તેમ એ હંમેશાં આવતો ને દરરોજ ઠાલે હાથે પાછો જતો.''**

લેખક પોસ્ટઓફિસે કાગળ લેવા આવતા સરકારી સાહેબોના પટાવાળાઓનું રોચક વર્ણન કરે છે. અને ત્યાં પોસ્ટઓફિસનું બારણું ખૂલે છે. સામે પોસ્ટમાસ્ટર બેઠા હતા.

**દીવાના અજવાળામાં, સામેની ખુરશી પર તૂંબડા જેવું માથું ને હંમેશનો દિલગીરીભર્યો ઉદાસીન જેવો ચહેરો લઈ પોસ્ટમાસ્તર બેઠા હતા. કપાળ પર, મોં પર આંખમાં ક્યાંય તેજ ન હોય ત્યારે માણસ ઘણું કરીને ગોલ્ડસ્મિથનો 'વિલેજ સ્કૂલમાસ્તર', આ સદીનો કારકુન કે પોસ્ટમાસ્તર હોય છે!**

બધાં જતા રહ્યા એટલે અલી એની જગ્યાએથી ઉઠ્યો. પોસ્ટઓફિસમાં ચમત્કાર હોય તેમ એને પ્રણામ કરી ચાલ્યો ગયો. એને જોઈને પોસ્ટમાસ્તર પૂછે છે.

'આ માણસ ગાંડો છે?' અને પછી પોસ્ટઓફિસમાં ગાંડા-પુરાણ ચાલે છે. લેખક પોસ્ટમાસ્તરના મુખે મર્મજ્ઞ શબ્દો મૂકે છે.

**'સાળું, ગાંડાની પણ દુનિયા લાગે છે! ગાંડા આપણને ગાંડા માનતા હશે અને કદાચ ગાંડાની સૃષ્ટિ કવિની સૃષ્ટિ જેવી હશે!'**

વર્ષોથી નિયમિત આવતો અલી અચાનક બે-ત્રણ દિવસ સુધી આવ્યો નહીં. અને પછી અલી આવે છે. એ હાંફતો હતો એના ચહેરા પર જીવનસંધ્યાનાં સ્પષ્ટ ચિહ્ન હતા.

**આજે તો અલીએ અધીરા બનીને પોસ્ટમાસ્તરને પૂછ્યુંઃ 'માસ્તરસાહેબ, મારી મરિયમનો કાગળ છે?'**

**પોસ્ટમાસ્ટર તે દિવસે ગામ જવાની ઊતાવળમાં હતા, ને તેમનું મગજ આ સવાલ ઝીલી શકે એટલું શાંત ન હતું.**

**'ભાઈ તમે કેવા છો?'**

**'મારું નામ અલી!' અલીનો અસંબદ્ધ જવાબ મળ્યો.**

**'હા', પણ અહીં કાંઈ તમારી મરિયમનું નામ નોંધી રાખ્યું છે?'**

**'નોધી રાખોને, ભાઈ! વખત છે ને કાગળ આવે, ને હું ન હોઉં તો તમને ખપ આવે!' પોણી જિંદગી શિકારમાં ગાળી હોય એને શી ખબર કે મરિયમનું નામ એના પિતા સિવાય બીજાને મન બે પૈસા જેટલી કીમતનું છે!**

**પોસ્ટમાસ્તર તપી ગયાઃ 'ગાંડો છે કે શું? જા, જા, તારો કાગળ આવશે તો કોઈ ખાઈ નહિ જાય!'**

અને પોસ્ટમાસ્તર જાય છે. અલી ધીમે પગલે બહાર નીકળે છે. એણે એક વખત ફરીને પોસ્ટઓફિસ તરફ જોઈ લીધું. એની આંખો ભીની થઈ હતી. ધૈર્યનો જાણે અંત આવ્યો હતો. 'અરે! હવે મરિયમનો કાગળ ક્યાંથી પહોંચે?'

એક કારકુન અલીની પાછળ આવતો હતો. અલી તેના તરફ ફર્યો.

'ભાઈ!'

કારકુન ચમક્યો; પણ તે સારો હતો.

'કેમ?'

'જુઓ, આ મારી પાસે છે.' એમ કહી પોતાની પાસે એક જૂની, પતરાની દાબડી હતી તેમાંથી અલીએ પાંચ ગીની કાઢી. કારકુન ભડક્યો.

'ભડકશો નહિ, તમારે આ ઉપયોગી ચીજ છે. મારે હવે તેનો ઉપયોગ નથી. પણ એક કામ કરશો?'

'શું?'

'આ ઉપર શું દેખાય છે?' અલીએ શૂન્ય આકાશ સામે આંગળી ચીંધી.

'આકાશ'.

'ઉપર અલ્લા છે તેની સાક્ષીમાં તમને આ પૈસા આપું છું. તમારે મારી મરિયમનો કાગળ આવે તો પહોંચાડવો.'

કારકુન આશ્ચર્યમાં સ્થિર ઊભોઃ 'ક્યાં? ક્યાં પહોંચાડવો?'

'મારી કબર ઉપર!'

'હેં?'

'સાચું કહું છું, આજ હવે છેલ્લો દિવસ છે! અરેરે છેલ્લો! મરિયમ ન મળી-કાગળ ન મળ્યો.' અલીની આંખમાં ઘેન હતું. કારકુન ધીમેધીમે તેનાથી છૂટો પડી ચાલ્યો ગયો. તેના ખીસામાં ત્રણ તોલા સોનું પડ્યું હતું!

અને પછી અલી કોઈ દિવસ દેખાયો નહિ. એક દિવસ પોસ્ટમાસ્તર ખૂબ વ્યાકુળ હતા. એમની દીકરી દૂર દેશાવરમાં માંદી હતી. એના સમાચારની પ્રતીક્ષામાં શોકમગ્ન બેઠેલા હતા. ત્યાં ટપાલ આવી. કાગળનો થોકડો સામે પડ્યો. પોસ્ટમાસ્તર એક પરબિડીયું ઊંચકે છે. એ પરબિડીયું એમનું જ છે એમ કવર જોતાં ધારી લીધેલું. પણ એના પર તો સરનામું હતું 'કોચમીન અલી ડોસા!' પોસ્ટમાસ્તરને એક આંચકો લાગે છે.

**વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ એમણે તે નીચે નાખી દીધું! દિલગીરી અને ચિંતાની થોડી ક્ષણમાં એમનો અધિકારીનો કડક સ્વભાવ જતો રહી માનવસ્વભાવ બહાર આવ્યો હતો. એમને એકદમ સાંભર્યું કે આ પેલા ડોસાનું જ કવર અને કદાચ એની દીકરી મરિયમનું.**

પોસ્ટરમાસ્તર મોટેથી લક્ષ્મીદાસને બોલાવે છે. લક્ષ્મીદાસ એજ કારકુન હતો જેના ખીસામાં અલીએ પાંચ ગીની મૂકેલી. પોસ્ટમાસ્તર પૂછે છે 'આ તમારા કોચમીન અલી ડોસા હમણાં ક્યાં છે?' પોસ્ટમાસ્તરને તે દિવસે દીકરીના કોઈ સમાચાર ન આવ્યા. પોસ્ટમાસ્તરનું પિતૃહૃદય હવે મુર્છામાંથી બહાર આવ્યું હતું. આખી રાત એમણે શંકામાં વિતાવી હતી. એમનું મન કહી રહ્યું હતું, ચાર વાગે, અલી ડોસા આવે કે એના હાથમાં કવર આપે. વ્યાકુળતામાં એમણે આખી રાત ગાળી. પાંચ પાંચ વર્ષ સુધી, દીકરી મરિયમની રાહમાં આવી રાત્રિઓ ગાળનાર ડોસા માટે પોસ્ટમાસ્તરનું હૃદય લાગણીથી ભરાઈ આવ્યું હતું. પાંચ વાગે પોસ્ટઓફિસના બારણે ટકોરો પડે છે. પોસ્ટમાસ્તરને એ ટકોરો અલીનો જ લાગે છે. એ દોડ્યા. પિતૃહૃદયે પોસ્ટમાસ્તરને બેબાકળા કરી મૂક્યા હતા. એ બારણું ખોલે છે.

**'આવો અલીભાઈ! આ તમારો કાગળ!' બારણામાં એક વૃદ્ધ દીન ડોસો લાકડીના ટેકાથી નમી ગયેલો ઊભો હતો. છેલ્લાં આંસુની ધાર હજી એના ગાલ પર તાજી હતી, ને ચહેરાની કરચલીમાં કરડાઈના રંગ પર ભલમનસાઈની પીંછી ફરેલી હતી.**

**તેણે પોસ્ટમાસ્તર સામે જોયું. ને પોસ્ટમાસ્તર જરાક ભડક્યા. ડોસાની આંખમાં મનુષ્યનું તેજ ન હતું!**

પોસ્ટમાસ્તરે બારણા તરફ જોયા કર્યું. ત્યાં કોઈ ન હતું. એ લક્ષ્મીદાસ તરફ ફરીને કહે છે. 'કોણ અલી ડોસા?' લક્ષ્મીદાસ કહે છે. અલી ડોસો તો મરી ગયેલ છે. પણ એનો કાગળ હોય તો આપવાનું કહેલ છે. પોસ્ટમાસ્તર અવાક્ થઈને પૂછે છે. 'ક્યારે?' અને બીજો કારકુન જવાબ આપે છે. 'એને તો ત્રણેક મહિના થઈ ગયા.'

**પોસ્ટમાસ્તર દિઙ્મૂઢ બની ગયા. હજી મરિયમનો કાગળ ત્યાં બારણામાં પડ્યો હતો! અલીની મૂર્તિ**

**એમની નજર સમક્ષ તરી રહી. લક્ષ્મીદાસે, અલી છેલ્લે કેમ મળ્યો હતો તે પણ કહ્યું, પોસ્ટમાસ્ટરના કાનમાં પેલો ટકોરો ને નજર સમક્ષ અલીની મૂર્તિ બંને ખડા થયાં! એમનું મન ભ્રમમાં પડ્યુંઃ મેં અલીને જોયો, કે એ માત્ર શંકા હતી, કે એ લક્ષ્મીદાસ હતો!**

રોજ મુજબ કારકુન ઝપાટાભેર કાગળ ફેંકયે જતો હતો. દરેક કાગળમાં ધબકતું હૃદય હોય તેમ પોસ્ટમાસ્તર એકીનજરે એ તરફ જોઈ રહ્યા છે. એમની દૃષ્ટિ બદલાઈ ગઈ છે. હવે આ કાગળો નિર્જીવ કાગળ નથી રહ્યા.

લેખક કહે છેઃ

**''મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અરધું જગત શાંત થઈ જાય'' થોડા શબ્દોમાં લેખકે જિન્દગી જીવવાનો અર્ક આપી દીધો છે.**

તે સાંજે લક્ષ્મીદાસ અને પોસ્ટમાસ્તર ધીમે પગલે અલીની કબર તરફ જતા હતા. મરિયમનો કાગળ સાથે હતો. કબર પર કાગળ મૂકી બન્ને પાછા ફર્યા.

પોસ્ટમાસ્તરનું પિતૃહૃદય અલીને ન સમજવા માટે ડંખતું હતું. દીકરીના કોઈ સમાચાર ન હતા. આશ્ચર્ય, શંકા અને પશ્ચાતાપના ત્રિવિધ તાપથી તપતા પોસ્ટમાસ્તર કોલસાની સગડીમાંથી આવતા તાપની હૂંફ અનુભવતા હતા.

એક દીકરી પ્રત્યેની સંવેદનાથી છલકતા પિતૃહૃદયની શબ્દોમાં થતી અભિવ્યક્તિમાં, વાચકને શબ્દોની પેલી પાર લઈ જવાની આથી અધિક સક્ષમતા કઈ હોઈ શકે!

ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યસર્જક ધૂમકેતુની સંવેદનશીલતા અહીં શબ્દોમાં પ્રકટ થઈ છે. એમનું વ્યક્તિત્વ ઉજાગર થાય છે શ્રી ઉમાશંકર જોષીના આ શબ્દોમાંઃ

જીવનના વાસ્તવનો સ્વીકાર અને એની પાછળ ગુંજતી ભાવનામયતા, અતિવાસ્તવ અને કૌતુકપ્રિય તત્ત્વોનો સમાદર અને એના નિરૂપણમાં પ્રગટ થતી કમનીય કલામયતા, ભાષાની ભભક, સંઘેડાઉતાર આકૃતિ, રસોચિત વાતાવરણ.

સ્વભાવે 'જોશીભાઈ' સંવેદનશીલ, સ્વમાની, એકલરંગી અને ગુફાવાસી જેવા હતા. જાહેર પ્રવૃત્તિઓમાં ઝાઝો સમય ન આપતા. પોતે ભલા ને પોતાનું કામ ભલું.

પોતાનું જે કંઈ હોય તે સર્વસ્વ શબ્દમાં જ એમણે સંચ્યું છે. પ્રત્યક્ષ મળી શકતા હતા ત્યારે એમને સૌથી વધુ એમની આંખોમાં પામી શકાતા. શ્રી ધૂમકેતુની આંખોમાં એમના વ્યક્તિત્વની બધી વિભૂતિ પ્રગટ થતીઃ ભાવનામયતા, એકાકીપણુ, ખુમારી, બધું જ, અને વ્યવહારુંપણાની ચમક પણ. એ ચમક આંખ પરની ઝીણી કરચલીઓથી ઉઠાવ પામતી.

ગામડાના ઉછેર સાથે જ સાદાઈ એમને વરેલી. સાદાઈ અને ત્રેવડ સ્વમાનપૂર્વક જીવવામાં પણ ઘણી કામ આવે છે.

૧૯૬૫માં એમની નવલકખા 'ધ્રુવદેવી' અધૂરી મૂકી ધૂમકેતુ અલવિદા કહી ને ગયા.

# ઊર્મિલહર

સંપાદકઃ **વિશન નાગડા**

મિઠા,

તડેં વઢીયું પાં કાનેં મંતર વિગરજેં કચ્છી શબ્દેંજો પંધ. પાં 'બ' જે બાંયણેં તા અંધર ત આયા સીઃ હાણે નેર્યૂં બઈ કૅડ઼ી 'બધ સધ' ચાલૂ આય.

(૧) બધસધ સ્રી. બાંદ્વવા, પૅક કરવાનું કામ. (ક) wraping & packing

(વાક્ય) ''આવારી બદ્દસદ્દ પતઈ વૅ ત હાણે પાં ઠેસણ તેં હલોં''.

(૨) બધલ વિ. બાંધેલું-બંધનયુક્ત (adj) Tied

(વાક્ય) ''કાઠીયૂં મિડ઼ે બધલ અંઈ ક છૂટીયૂં ય અંઈ?''

(૩) બધલ વિ. વચનબધ્ધ (adj) committed

(વાક્ય) ''તૂં ઈનકે પઈસા ડૅ, તૉકે ટૅમ તેં મિલી વેંધા, તેંલા આઉ બધલ અઈયાં.''

(૪) બધલ વિ. હળેલું (adj) Attached (છોકરો ડાડી જો બદ્દલ આય)

(૫) બદ્દલ વિ. (કાયમીધોરણે) નક્કી કરેલું (adj) fixed, ''બધલ ધિરાકી''

(૬) બધલ વિ. રચિત (adj) composed by

(વાક્ય) હી ભજન હરિસાહેભજો બધલ આય.

**પનપટીઃ** કચ્છીમેં હિકડો નામી પ્રયોગ આય'' જમારજા જીંથાબંધન (બધણ)'' જેંજો અડ઼થ થીયે તો જ લગ્નજીવન ઈ કોય ઘડ઼ી બઘડ઼ી જો બંધન નાંય. આયુષ્ય ભરજો સમજીને સ્વેચ્છાએં સ્વીકારેલ બંધન આય. ઈ બંધન જૅર ઈચ્છો તૅર કોક નિંઢેવડે કારણસર હલંધે ન તુટૅ!

લગ્નજીવનજી હી ગંભીરતા જ અજ જી ડાઈ નઈ પેઢી સમજૅ ત મધ્યસ્થી સમિતિવારા ને આઉં બૉય વિસનજી રાજી થ્યૂં ને લપઈ રધીખ્યોં!

**-વિશનજી**

## 'કળિયુગથી કંટાળેલો'

થઈ સવાર ને વળી એનું એજ!
સૂર્યનો પ્રકાશ પણ વળી એનો એજ!
શું છે જિંદગી શું વિચારવું?
જનમ પછી મરણ વળી એનું એજ!
સાંજ શરૂ થઈને જામ ઉછળ્યા છે બધે,
પીને ચકચુર બની મિત્રો લથડ્યા છે બધે.
શેરીઓ સાક્ષી બની આ તો રોજનાં કિસ્સા છે,
નથી રસ્તે પથ્થરો છતાં મિત્રો અથડ્યા છે બધે!

**– પ્રવીણ ગોગરી – 'પ્રેમ'**

ફોનઃ ૨૮૯૫૩૪૫૯

## ધલવલ (કચ્છી કાવ્ય)

હી કેડી ઉઠઈ ધલવલ વલવલ,
રે મન! જેણા જલ જેણા જલ,
અભરો-સભરો અચીંધો વખત;
મથેવારો કંઈધલ,
રે મન! જેણા જલ જેણા જલ.
કુધરત નાલેજી માવડી કે જનમ્યા,
સુખ ને ડૉખ, બેડલે જા પુતર,
હૅકડો જરા ભધમાશ ને બ્યો જાવજીવ સખર,
બૉય ભા કઈએં વારા ઢારા,
કુદરત કેં કે ખમાય ન બોરા,
અચીંધા વેંધા થોડા ક જજા,
રે મન! જેણા જલ જેણા જલ.
ધલવલ તાં અય મન જો કારણ,
માંહ્યલેજી જીત ને માંહ્યલેજો હારણ,
હણીને પટ મંજાનું કઢી ગમે ધાવણ,
મૉધ કે મુઠ્ઠીમેં જલી ગન
રે મન! સુખને ડૉખજા કેડા ભારણ

**-ભાનુબેન એન. સાવલા**

### ચાર હાઈકુ

ચકલી વિના,
છલછલતી ઠીબ,
ચૂવે કે રોવે.

----

ફેલાતું રણ;
વૃક્ષા રોપણ થયું
કે થંભી ગયું.

----

વળાવી કન્યા;
મા ની આંખે; શ્રાવણ
ને ભાદરવો

----

ફૌજી જવાન;
વન વે ટિકિટ લૈ,
સીમા સાચવે.

**-ભાનુબેન એન. સાવલા**
વિલેપાર્લા
ફોનઃ ૨૬૨૮૩૬૧૧

### પિતૃ-વંદના (ફાધર્સ ડે ની ભેટ)

વંદન વારંવાર પિતાને વંદન વારંવાર,
માતા જનમ દેનારી છે તો પિતા છે પાલનહાર;
વંદન વારંવાર પિતાને વંદન વારંવાર
ચાલતાં શિખવ્યું, દોડતાં શિખવ્યું, શિખવ્યું જીવતાં જીવન,
પોતે અર્ધા ભૂખ્યા રહીને મુજને જમાડ્યું છે અન્ન.
યાદ આવે છે મુજને એમના ગુણલા પારાવાર;
વંદન વારંવાર પિતાને વંદન વારંવાર
મહાપુરુષોની વાતો કરીને કર્યું જીવનનું ઘડતર,

એમના સંસ્કારોથી થયું છે મારા જીવનનું ચણતર
કેવી રીતે ભૂલી શકું ઉપકાર એ અપરંપાર
વંદન વારંવાર પિતાને વંદન વારંવાર

જ્યારે જ્યારે નિરાશ થયો હું મુજને આપી હિંમત,
ક્યા જનમમાં ચૂકવી શકાશએ એ ઉપકારની કિંમત
પિતૃ-ઋણ ચૂકવવા માટે સદા છું હું તૈયાર;
વંદન વારંવાર પિતાને વંદન વારંવાર

સૌને મારી નમ્ર વિનંતી પિતાને દુઃખ ન દેજો,
એમના મનને રાખી પ્રફુલ્લિત આશિષ એમનાં લેજો.
એમનાં આશીર્વાદથી થાશે જોજો! બેડો પાર;
વંદન વારંવાર પિતાને વંદન વારંવાર.

**– અરવિંદ કરસનદાસ રૂખાણા**
મો. ૯૨૨૩૪૫૮૮૦૮

## પ્રભુ ની લીલા અદ્‌ભુત

વિજ્ઞાન ભલે હોય પ્રથમ
સૂર્યનો પ્રકાશ પણ વળી એનો એજ!
પાંસળી થી બન્યો પીંજર
સુરક્ષીત હૃદય એમાં અંદર
માંશ પેશીઓ થી બન્યો ચોખઠો
હાડ મીંઝા થી બન્યો પ્યારો
ચોખઠું બનાવ્યું માનવ કેરો
કેવી અદ્‌ભૂત રચના ડેરો
શ્યામ-ગોરો કવચ આપી
માનવ રચના કીધી એવી
કેવો બન્યો આ સુંદર ડેરો
ચલતા ફીરતા માનવ કેરો

**-દીના વીરેશ સંગોઈ**
મો. ૯૮૧૯૭૧૫૧૭૦

## કુટાજી વિઈ

જાજમ જેડી મુંજી જિંઘડી,
સે રંજ સે રંઘાજી વિઈ,
કૂપર ન ફુટા કડેં કચડા,
'અગમ' કાઠી થિઈને કુટાઈ વિઈ.

----

## સોબતમેં

અસીં પખીડા પરલોક જા,
મન અસાંજો મોભત મેં,
કુડા ન-પાઁ-કડેં કુછણી મેં,
'અગમ' એડી શાન રખોં સોબત મેં.

----

## કઢા કંઢા

કાયા સજાય ને કુરો કેંનેં?
સજાય અંધરજી સુંઅકાર,
કઢ કથ બાવર નેં કંઢા,
''અગમ'' પોય પોખ ફુલેંજી વણજાર.

----

### લંમા પંધ

લંમા પંધ ને ખડું ખામણા,
મંથા ગસ ન કી ગડા વાટ,
પુજણુ કીં ઉન પીરઈ તાંઈ,
જેજો ગટ મેં ઘડેલ ઘાટ.

### માડી મુંકે મ માર (ભ્રુણ હત્યા)

જનમ ડે તું જિજલ મુંકે, આસ મુંજી આય અપાર,
તોજે સુખલા શાન મ વિઞાંય, ધુનિયા ખિલધી ધરાર.
ઘી, સેં જિજલ મ કર ઘગો, ને પુતર સેં રખ પ્યાર,
કુપાતરેં જા ડિસી કાવતરા, કુખ મેં મ્હણ કટાર.
ધિલ મેં ધગો મધાર.
આસ્થા રખ અલખ મથે,
આસ્થા રખ અલખ મથે, વેરાગી રખઈ વિચાર,
ઘી, પુતર ને ઘનઘોલત, ઈ સરખા ઐં સરાર,
મા, ધીરેં જી મોભત મેં, વિછોડેં જા મકર વેવાર,
લુઈ મેં તોજી લેટઘલ, હેતસેં ડીયાંતી હુંકાર.
સુણ પ્રેમજી પુકાર,
સવારથજી મ ભન સગી.
સવારથ જી મ ભન સગી, કીંક કિલતાર સામે ન્યાર,
કુખ મિંજા કુંજલ કુછાંતી, હણી હીયેંજી તવાર,
આઉં અચીંધીસ અવનીમથે, માડી મુંકે મ મારં,
ઘ્રા રખ ઘણી જો, તોજો એરેં મ વિંઞાય અવતાર.
જિજલ ખોટા મ કર કરારં,
'અગમ' ચેં નકા ઘીરું ન રોન્યું ઘરા મથે.

–આસમલ ધુલિયા 'અગમ'

મો. ૮૮૬૬૬૦૪૦૦૬

## Forest

Forest is our nature's such treasure,
that we can't measure.
Everywhere trees and colourful flowers,
that we feel to sit there
and see them for hours.
The river flowing there slowely,
makes that heart happy which
feels lonely.
The growing managoes juicy
that is the real "frouti".
Some mad people cut the trees first,
and the life of animal becomes worst.
This lead to degradation of enviorment.
So keep in mind not to cut trees,
but grow more trees.

**-Shuddhi Bharat Gada**


### PAGDANDI Declaration

| | | |
|---|---|---|
| Publishers Name | : | Aswin P. Malde |
| Printers Name | : | Aswin P. Malde |
| Editors Name | : | Aswin P. Malde |
| Owners Name | : | Shri K.V. O. Seva Samaj |
| Printing Press | : | Meghart Colour Crafters |
| (Name & Address) | | 42, Ideal Ind. Estate, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400 013. Phone : 2492 1964 |
| Place of Publication: | | Shri K.V. O. Seva Samaj CVOD Mahajanwadi, 99/101, Keshavji Naik Road, Mumbai - 400 009. |

આ વિભાગમાં સ્વાનુભવની ઘટનાઓ-પ્રસંગો, ઈતિહાસમાંથી સાંપડેલી પ્રેરક હકીકતો, વિજ્ઞાનનું અવનવું વિગેરે પ્રસિદ્ધ કરવામાં આવે છે. આપનું મુદ્દાસર, ટૂંકાણમાં શબ્દાંકિત થયેલું લેખન આવકાર્ય છે.

# એક સીનીયર સીટીઝન હોમની આછેરી ઝલક

—સી.એ. **નાગજી જેઠા ગોસર**
(લેખક પંગદંડીના ભૂતપૂર્વ તંત્રી છે.)

કચ્છ ગામ ગુંદાલા મધ્યે એકાદ દાયકાથી પ્રવૃત માતુશ્રી કુંવરબેન નાનજી કુરપાર રાંભિયા ટ્રસ્ટ સંચાલિત ''વડીલ વદંના''નું નામ ઘણા વખતથી આપણા સમાજમાં જાણીતું થયેલ છે. અવારનવાર એના વિષે ખબરપત્રિકા દ્વારા તેમજ ત્યાંની મુલાકાતે જઈ આવેલ મિત્રો-સંબંધીઓ સાથે ચર્ચા-વિચારણા દરમ્યાન એમની પ્રવૃત્તિઓ/કાર્યવાહીની માહિતી મળતી. આ ઉપરથી આવી સંસ્થાની જરૂરિયાત અંગે મનમાં ઘણા વખતથી વિચાર વલોણું ચાલી રહ્યું હતું.

કુદરતી સંજોગે માર્ચ, ૨૦૧૮ દરમ્યાન સંસ્થાનો લાભ લેવાનો વિચાર સ્ફૂર્યો અને તે માટે તેવા કંઈક કૌટુંબિક સંજોગોનું નિર્માણ થયું.

જાન્યુ '૧૮માં મારા ધર્મપત્નીને જમણા હાથમાં પડી જવાથી ફ્રેક્ચર થયું અને તેના ઓપરેશન બાદ આરામ/હવાફેરની જરૂરિયાત જણાઈ. આ સંજોગોમાં અમો પતિ-પત્ની બન્નેને સંસ્થાનો લાભ લેવાનો મોકો મળ્યો.

આજે વિભક્ત કુટુંબોમાં આવા સંજોગોમાં વયસ્ક વ્યક્તિઓ લાચારી અનુભવે ત્યારે આવી સંસ્થાઓનો સહારો લેવો પડે છે. સારવાર અર્થે તેમજ આરામ માટે આવી પરિસ્થિતિમાં સંસ્થા દ્વારા પૂરી પડાતી સગવડો વયસ્ક વ્યક્તિઓ માટે અનિવાર્યપણે આવકારદાયક અને આશીર્વાદરૂપ બને છે.

સંસ્થામાં અપાતી સગવડો, વડીલોની પ્રેમપૂર્વક કરાતી માવજત, ધાર્મિક અને શાંત વાતાવરણ, ટ્રસ્ટીઓની જાત દેખરેખ, વિનયી સ્ટાફ, ચીવટપૂર્વક થતી સાફ-સફાઈ, વૈદ્યકીય સગવડો વગેરે ખાસ નોંધવા જેવી અને વખાણવા જોગ હકીકતો કોઈપણ મુલાકાતી કે લાભાર્થી પરિવારોને/વ્યક્તિઓને આકર્ષવા પૂરતી છે.

સંસ્થામાં કોઈપણ ભેદભાવ વગર જૈન ભાઈ/બહેનોને ટૂંક સમય માટે કે શેષ જીવન વિતાવવા માટે - આરામ કે હવાફેર માટે યા માંદગી દરમ્યાન શાંત વાતાવરણમાં જીવન વ્યતીત કરવા માટે વડીલોને યોગ્યતાનુસાર પ્રવેશ મળે છે. એમને માટે

આ સંસ્થા અનુકૂળ વિશ્રામસ્થાન-કૌટુંબિક હુંફવાળું, પોતીકા ઘર જેવું આશ્રયસ્થાન બની રહે છે.

લાભાર્થીઓની દિનચર્યા કંઈક આવી સંભવી શકે છે. વહેલી સવારે ઉઠનારા કુદરતી વાતાવરણમાં નીકળી Morning walk લઈ શકે. સવારે ૭.૩૦ વાગે સામૂહિક પ્રાર્થનામાં સૌ હાજર થાય. ૮ વાગે નાસ્તાનો સમય, નાસ્તામાં હળદરવાળું દૂધ, ચા, ખાખરા, ગરમ નાસ્તો, મીઠાઈ વગેરે સૌને અનુકૂળતા પ્રમાણે આપવામાં આવે. ત્યાર બાદ સ્નાન, પુજાપાઠ, વ્યાખ્યાનમાં સૌ પોતપોતાની રીતે જોડાય. ગામમાં બારેમાસ લગભગ સાધુ-સંતોનું સાનિધ્ય હોય. ૧૦ વાગે ફળોનો રસ કે સુપ સૌ માટે તૈયાર. બપોરનું જમણ ૧૨.૩૦ આસપાસ જમણમાં દાળભાત, રોટલી, શાક, ગોળ, છાસ, દહીં અને અવારનવાર તે સાથે મિષ્ટાન અને ફરસાણ. જમણની વાનગીઓ ટ્રસ્ટીઓની જાત-દેખરેખમાં, વયસ્ક વડીલોને ધ્યાનમાં રાખીને બનતી હોય છે. ત્યારબાદ આરામનો સમય. ધાર્મિક વાંચન અને વાંચનાલયનો પણ ઉપયોગ કરી શકાય. સાંજે ત્રણ વાગે ચા, દૂધ સાથે હળવો નાસ્તો હોય. ૪થી ૫ વચ્ચે ધાર્મિક પ્રવૃત્તિ હોય. સાંજનું જમણ ૬.૩૦ વાગે શરૂ થાય. જમણમાં સાધારણ રીતે ફરફરતું ફરસાણ હોય, સાથે દાળ, ભાત/ખીચડી કઢી રોટલા ખરા અને ગરમ દૂધ પણ ખરું. ત્યારબાદ સાંજે પણ નૈસર્ગિક વાતાવરણમાં ફરવા જઈ શકાય. રાત્રે ૮.૩૦ વાગે સમૂહપ્રાર્થના, ભાવના, પ્રભુભક્તિનો કાર્યક્રમ જે ૯.૩૦ વાગે પૂર્ણ થાય. અને સૌ નિદ્રાદેવીને શરણે જઈ બીજી સવારની પ્રતીક્ષામાં આરામ લે.

સંસ્થાના ટ્રસ્ટી શ્રી ચીમનભાઈ રાંભિયા અને એમના ધર્મપત્ની હેમલતાબેન મહિનાના પંદરેક દિવસ હાજર હોય છે. મેનેજર શ્રી હિતેશભાઈ તેમજ તેમના ધર્મપત્ની પણ સંસ્થાની પ્રવૃત્તિઓમાં તેમજ ભોજનશાળામાં અચૂક હાજર હોય છે.

આ સંસ્થાને પોતાનું એક મેડીકલ સેંટર પણ છે જ્યાં MBBS ડોક્ટર દરરોજ બે કલાક હાજર હોય છે. ઉપરાંત ગામમાં અદાણી ફાઉંડેશન તરફથી મોબાઈલ ડીસ્પેનસરી અઠવાડિયે એક વાર આવે છે. જેમાં સ્પેશિયાલીસ્ટ ડોક્ટરો ફ્રી દવાઓ સૌને આપે છે. સંસ્થાના મેડીકલ સેંટરમાં ફીઝીઓથેરાપીસ્ટની સગવડ અને સાધનો છે. જ્યાં વૈદ્યકીય સલાહ પ્રમાણે નિશ્ચિત સમયે ફ્રી સારવાર કરવામાં આવે છે.

સંસ્થા વયસ્ક વ્યક્તિઓ તેમજ એકલવાયું જીવન વ્યતીત કરતા વયસ્કો માટે સારું અને સસ્તું આશ્રયસ્થાન છે અને જરૂરી વૈદ્યકીય સહાય પણ પૂરી પાડે છે. એક સાથે ૧૦૦ વ્યક્તિઓ સમૂહમાં રહી શકે તેવી આધુનિક વ્યવસ્થાઓ છે. ખર્ચની દૃષ્ટિએ પરવડી શકે તેવા રાહતદરે બધીજ જરૂરી સગવડો ઉપલબ્ધ છે.

ભવિષ્યમાં સંસ્થાની સેવા પ્રવૃત્તિઓનું ફલક વિસ્તરતું રહી, આજની જીવનશૈલીને અનુરૂપ થઈ આપણા સમાજને ખૂબજ ઉપયોગી થઈ રહેશે એમાં શંકાને સ્થાન નથી. એમની પ્રગતિમાં વયસ્ક વ્યક્તિઓના આશીર્વાદ અને દુઆઓ અચૂક ફળશે.

અસ્તુ.

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ - અપડેટ
## તા. ૧ એપ્રિલથી ૩૦ એપ્રિલ ૨૦૧૮

**માનદ્ મંત્રીઓ**

**રહેઠાણ યોજનાઃ-** આ યોજનામાં આવેલ અરજીઓમાંથી તા. ૧૪ એપ્રિલના રોજ મળેલ મીટીંગમાં ગામ ખારુઆ, શેરડી, ભુજપુર, બારોઈ, કોડાય, નાની ખાખર, મોટી ઉનડોઠ, વડાલાના કુલ ૮ ભાઈઓને પોતીકા રહેઠાણ માટે રૂા. ૨૨,૫૦,૦૦૦/- રકમની લોન વિતરિત કરવામાં આવેલ.

**વૈદ્યકીય સહાય યોજનાઃ-** આ યોજનામાં આવેલ અરજીઓમાંથી તા. ૨૧ એપ્રિલના રોજ ગામ ટુંડા, લૂણી, (૨) કોટડા (રોહા), બિદડા, મોટા આસંબિયા, રાયણ, બારોઈ, (૩) ડેપા, પૂનડી, (૩) દેવપુર, નવાવાસ, ટુંડા, ચૂનડી, કાંડાગરા, મેરાઉ, (૨) નવીનાર, લાખાપુર, લાયજા, (૨) પત્રી, ડોણ, કપાયા, નાંગલપુર, ગઢશીશા, ડુમરા, ભોજાય, ફરાદી, ગામનાં ૩૨ જરૂરિયાતમંદ ભાઈબહેનોને વૈદ્યકીય ખર્ચ પેટે રૂા. ૫,૨૩,૭૦૦/- ની સહાય આપવામાં આવેલ.

**સ્ત્રી ઉત્કર્ષ યોજનાઃ-** આ યોજનામાં આવેલ અરજીઓમાંથી તા. ૨૪ એપ્રિલના રોજ મળેલ મીટિંગમાં ગામ બારોઈ (૨), લૂણી, મુંદ્રા, મોટી રાયણ, લાયજા, કાંડાગરા, ભીંસરા, ભુજપુર ગામની ૯ બહેનોને ગૃહઉદ્યોગ વધારવા માટે રૂા.૯,૭૦,૦૦૦/-ની રકમ લોન પેટે અપાવેલ.

**બુકબેંકઃ-** કોમ્પ્યુટર લોન યોજનામાં ૧ વિદ્યાર્થીને ભણવા માટે કોમ્પ્યુટર આપવામાં આવેલ. તેમ જ ધોરણ ૧૨નાં પુસ્તકો આપવા માટે સેવા સમાજ કાર્યાલય ઉપરાંત મુલુંડ, બોરીવલી અને વસઈ સેન્ટર પર બુકબેંક તા. ૮ અને ૨૨ એપ્રિલના રોજ ચાલુ રાખવામાં આવેલ.

**આરોગ્ય સંપદાઃ-** ફરી એક વાર જ્ઞાતિજનો માટે દાતાઓના સહકારથી ગાલા સ્પ્રિંગ્સ્ - નવનીત આરોગ્ય સંપદા યોજના શરૂ કરવામાં આવેલ. જેમાં વ્યક્તિઓને થતી બીમારીની શરૂઆતથી જાણ થઈ શકે એ માટે વિવિધ પ્રકારની રક્ત અને અન્ય તપાસ નજીવા દરે થઈ શકે એ માટે સ્થાનિક સંસ્થાઓના સહકારથી સેવા સમાજ ઉપરાંત વિવિધ ૩૦ ઠેકાણેથી રજિસ્ટ્રેશન કરાવી મેટ્રોપોલીસની વિવિધ શાખાઓમાં આ તપાસણીઓ કરાવવામાં આવેલ જેમાં મુંબઈ અને મુંબઈ બહાર લગભગ ૧૧,૦૦૦/- સભ્યોએ પોતાની ચકાસણી કરાવેલ.

## શુભેચ્છક દાતા

**(તા. ૧ એપ્રિલથી તા. ૩૦ એપ્રિલ ૨૦૧૮ સુધી)**

* તા. ૨૩ ફેબ્રુઆરી માટે અ. સૌ. સાકરબેન અને શ્રી મેઘજી રાયશી રાંભીયાનાં ની ૬૦ વર્ષની પૂર્ણાહૂતી નિમિત્તે એમના તરફથી.

* તા. ૩૧ માર્ચ માટે પૂજ્ય પિતાશ્રી લખમશી કાનજી ગાલાની પુણ્યતીથી નિમિત્તે શ્રી હીરજી લખમશી ગાલા (કાડાંગરા-મુલુંડ) તરફથી.

* તા. ૫ એપ્રિલ માટે ધૈર્ય નયન શાહનાં જન્મદિવસ નિમિત્તે દાદીમાં નિર્મળાબેન ઠાકરશી શાહ (ડેપા) તરફથી.

* તા. ૧ મે માટે કુમારી મુક્તાબેન જગશી રવજી દેઢિયા (નવાવાસ-દુર્ગાપુર)ની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે શ્રી ડુંગરશી જગશી રવજી દેઢિયાનાં સમસ્ત પરીવાર તરફથી.

* તા. ૧૧ ઓક્ટોબર માટે સ્વ. માતુશ્રી પુરબાઈ રતનશી મારૂ (માપર)નાં સ્મરણાર્થે હસ્તે શ્રીમતી કંકુબેન કલ્યાણજી ગડા (ભોજાય) તરફથી.

મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે.

## અનુદાનની યાદી

**(તા. ૧ એપ્રિલથી તા. ૩૦ એપ્રિલ ૨૦૧૮ સુધી)**

૨૫,૦૦૦/- તા. ૨૦ એપ્રિલ માટે સ્વ. શ્રી દેવચંદ રવજી ગાલાની ૩૨મી પુણ્યતિથિ નિમિત્તે. શ્રીમતી પ્રેમકુમારી દેવચંદ ગાલા (રાયણ) તરફથી શૈક્ષણિક આધાર સ્તંભદાતા.

૨,૦૦૧/- શ્રી દિપક ધનજી ફુરીયા (તલવાણા) તરફથી શૈક્ષણિક લોન ફંડ તથા વૈદ્યકીય સહાય.

૨,૦૦૦/- શ્રી સતીશ ખીમજી હરીયા (ડુમરા) તરફથી બુકબેંક માટે.

૬૨,૦૦,૦૦૦/-માનુશ્રી ધનવંતીબેન વલ્લભજી ગોગરી પરિવાર (નાનાભાડિયા-પવઈ/મુલુંડ) શ્રી. ચંદ્રકાંત વલ્લભજી ગોગરી પરિવાર અને શ્રી. રાજેન્દ્ર વલ્લભજી ગોગરી પરિવાર.

૨૧,૦૦,૦૦૦/-નવનીત એજ્યુકેશન લિમિટેડ નવનીત પરિવાર (રાયણ-દાદર).

દાતાશ્રીઓનો આભાર.

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧૬ એપ્રિલથી ૧૫ મે ૨૦૧૮)**

**ચક્ષુદાન : 👁 દેહ/ત્વચાદાન : * અવયવદાન : 🙏**

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| પ્રવિણ દામજી ભવાનજી ગાલા | ૬૭ | મેરાઉ | માટુંગા |
| જશવંતી ઠાકરશી રામજી વોરા | ૭૪ | છસરા | મલાડ |
| ખીમજી લખમશી હરિયા | ૭૭ | સાભરાઈ | મીરારોડ |
| મા. પ્રભાબેન જાદવજી રવજી દેઢિયા | ૮૪ | નવાવાસ | કાંદિવલી |
| દિપક દામજી ગોસર માલદે | ૫૯ | બેરાજા | વડાલા |
| કુસુમબેન રમણીકલાલ રાઘવજી શેઠિયા | ૭૦ | લાખાપુર | માટુંગા/👁 |
| ફુલચંદ મગનલાલ ખીંશી ભેદા | ૭૫ | ના. ભાડિયા | દાદર |
| રમણીક વેલજી ડુંગરશી સાવલા | ૬૫ | વાંકી | કાંદિવલી |
| કસ્તુરબેન વશનજી તલકશી ગડા | ૬૯ | ના. રતાડિયા | સાંતાક્રુઝ |
| નાનજી કુંવરજી જીવરાજ નાગડા | ૭૬ | ભોજાય | વરલી |
| નેમચંદ વીરજી ગેલા છાડવા | ૭૯ | ભુજપુર | સાંતાક્રુઝ |
| અનીલ મુરજી શીવજી સાવલા | ૫૨ | ડેપા | બોરીવલી/👁 |
| રતનશી ગણપત લધા | ૮૧ | વડાલા | ચેમ્બુર |
| વસંત લાલજી ઉમરશી વોરા | ૬૮ | બેરાજા | વડાલા/👁-* |
| પ્રેમજી મેઘજી પાલણ ગાલા | ૮૫ | લાકડિયા | ગોરેગામ |
| ઉષા તારાચંદ રતનશી ભેદા | ૬૧ | પ્રાગપુર | પનવેલ/👁 |
| મણીલ વીરજી વીજપાર ગાલા | ૭૩ | સાડાઉ | વિલેપાર્લે |
| પુનશી માડણ વિશા ગાલા | ૭૬ | ભચાઉ | ગીરગામ |
| સુભાષચંદ્ર વિશનજી જૈન | ૭૯ | પ્રાગપર | મુલુંડ |
| મા. વાસંતીબેન ખીમજી તેજશી વોરા | ૮૪ | નવીનાર | લાલબાગ |
| ધરમશી રતનશી વેલજી શાહ | ૭૯ | મો. આસંબિયા | વાલકેશ્વર |
| સાકરબાઈ રવજી મેઘજી શેઠિયા | ૮૧ | લાખાપુર | ગોવંડી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| અ.સૌ. ભાનુબેન વિશનજી ખેતશી ગંગર | ૮૩ | પુનડી | સાયન |
| નરેશ કેશવજી હીરજી ફુરીયા | ૪૯ | બિદડા | ભાંડુપ |
| શૈલેશ લાલજી ભારમલ કક્કા | ૬૬ | વાંકી | માટુંગા |
| મા. લક્ષ્મીબેન ચાંપશી કુંવરજી નાગડા | ૯૦ | નરેડી | માટુંગા/🙏 |
| હીરેન રમેશ કાનજી દેઢિયા | ૩૩ | બેરાજા | ગોરેગામ |
| ડિમ્પલ જયંતીલાલ નરશી ગાલા | ૪૯ | પત્રી | દાદર |
| **પ્રાર્થના રાખેલ નથી** | | | |
| દક્ષા બિપીન લક્ષ્મીચંદ કેનિયા | ૪૮ | બારોઈ | બોરીવલી |
| મીના લખમશી કાનજી મારૂ | ૫૦ | ચીઆસર | ચીઆસર |
| રમણીક પાસુ પ્રેમજી પાસડ | ૬૬ | દેઢિયા | થાણા |
| સાકરબેન નાનજી કારૂ લાલન | ૯૫ | ગોધરા | મું. ૩૬ |
| મહેશ ભવાનજી ખેતશી શાહ | ૬૮ | ગુંદાલા | નાગપુર |
| દેવજી મુરજી ગાલા | ૮૮ | કો. રોહા | ડોંબિવલી |
| ચિ. કેતન શામજી મેઘજી ગાલા | ૩૭ | નાગ્રેચા | દહિંસર |
| કસ્તુરબેન મુલચંદ દેવજી સાવલા | ૮૦ | લાખાપુર | મુલુંડ |
| મણીબેન નાનજી શીવજી સાવલા | ૯૦ | બેરાજા | બેરાજા |
| કુ. ભાનુમતી મોતીલાલ લક્ષ્મણ દેઢિયા | ૯૪ | લાકડિયા | વડોદરા |
| મા. દેવકાંબેન મગન હધુ ગંગર | ૯૨ | છસરા | કાંદિવલી |
| પ્રવિણ કુંવરજી લાલજી કાપડિયા (ધરોડ) | ૭૧ | પત્રી | હૈદરાબાદ/👁 |
| કાંતાબેન અરજણ જેઠાબાઈ બૌઆ | ૭૨ | ના. તુંબડી | નાલાસોપારા |
| જેવત કુંવરજી રાયશી કારાણી | ૮૫ | ખારૂઆ | મુલુંડ/**૨૩ ઉપવાસ** |
| નવીન નાનજી ભારૂ સતરા | ૬૦ | ગુંદાલા | ડોંબિવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| ઉર્મિલા સુરેશ શાંતીલાલ કેનિયા | ૬૫ | મુંદ્રા | પુના |
| જીગ્ના જયેશ ગડા | ૩૭ | પત્રી | ડોંબિવલી |
| અશ્વિન કેશવજી ઘેલા છેડા | ૬૦ | દેશલપુર | નાલાસોપારા |
| મા. દેવકાંબેન ખીમજી વેલજી નાગડા | ૭૯ | શેરડી | ઘાટકોપર-**૩૭ ઉપવાસ** |
| રાઘવજી ભાણજી લખમશી ગાલા | ૮૭ | પ્રાગપુર | વડોદરા |
| નરેશ દેવજી પુનશી ગલીયા | ૪૯ | લુણી | વિક્રોલી/* |
| નવીન કાનજી દેવજી ગંગર | ૫૯ | છસરા | કાંદિવલી |
| વાસંતી માવજી ખેતશી ગાલા | ૭૧ | મો. આસંબિયા | નાલાસોપારા |
| મણીબેન મોનીલાલ તેજશી નાગડા | ૭૭ | સાભરાઈ | મીરારોડ/**૨૯ ઉપવાસ** |
| ગં.સ્વ. નાનબાઈ પ્રેમજી રવજી સતરા | ૯૮ | ગુંદાલા | કુર્લા |
| કેસરમા ડુંગરશી લાલજી ગોસર | ૯૭ | કો. મહાદેવ. | માહિમ |
| શાંતિલાલ ખીમજી પ્રેમજી દેઢિયા | ૭૦ | તલવાણા | આકોલા/ |
| કેશવજી વીરજી હીરા સતરા | ૮૩ | પ્રાગપુર | દાદર |
| પ્રભાબેન મુલજી દામજી નાગડા | ૭૧ | ભોજાય | નાલાસોપારા |
| મોરારજી/બાબુભાઈ શામજી લાલજી ધરોડ | ૮૩ | પત્રી | પત્રી |
| તલકશી કુંવરજી શીવજી પાસડ | ૯૫ | શેરડી | હૈદરાબાદ |
| સાકરબેન કુંવરજી ખેતશી સાલીયા | ૯૬ | ગોધરા | સાંતાક્રુઝ |
| વિમળા મણીલાલ રામજી કેનિયા | ૬૭ | વડાલા | છત્તીસગઢ |
| ભાગ્યવંતી પોપટલાલ ભવાનજી વોરા | ૯૦ | નવીનાર | થાણા |
| નિર્મળાબેન વસંતલાલ વલ્લભજી ગાલા | ૭૦ | ના.આસંબિયા | ભુજ |
| વશનજી વીરજી કાનજી ગડા | ૭૩ | માપર | જોગેશ્વરી |
| અતુલ નાનજી ગાંગજી સાવલા | ૫૬ | વાંકી | વાંકી |
| જેઠાલાલ ભીમશી લાલજી છેડા | ૭૬ | કાંડાગરા | મલાડ |
| ગાંગજી શામજી આસારિયા નાગડા | ૭૫ | નાગ્રેચા | વાશી |
| મણીબાઈ કેશવજી ધારશી ગાલા | ૮૫ | વાંકી | વાંકી |
| કલ્પેશ કાંતિલાલ ખીમજી ધરોડ | ૪૮ | પત્રી | ઘાટકોપર |
| રમણીક હીરજી લખમણ ફુરિયા | ૭૬ | બિદડા | નાલાસોપારા |
| મણીબાઈ મેઘજી લાલજી દેઢિયા | ૭૯ | ગુંદાલા | સાંતાક્રુઝ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| કુ. સોનમ રમેશ શામજી મામણિયા | ૨૮ | પુનડી | ગંજબૈતુલ |
| ભાણબાઈ મેઘજી વાસજી નાગડા | ૯૪ | નરેડી | ડોંબિવલી |
| મધુ કાંતીલાલ ટોકરશી દેઢિયા | ૬૦ | ગુંદાલા | થાણા |
| મા. અમૃતબેન દેવશી કુંવરજી વોરા | ૮૧ | મુંદ્રા | હૈદરાબાદ |
| ગણપત ધનજી દેઢિયા | ૮૪ | ભુજપુર | પુના |
| રમીલા જયંતીલાલ ખીમજી વોરા | ૬૭ | નવીનાર | પાર્લા |
| મણીબેન વશનજી વેલજી છેડા | ૮૭ | વાંકી | વડાલા |
| નાનજી ખીમજી હંસરાજ નાગડા | ૭૩ | ભોજાય | જુહુ |
| મેઘબાઈ ખીમજી મોરારજી બૌઆ | ૮૭ | તુંબડી | મુલુંડ |
| મુલરાજ ધનજી રવજી શાહ | ૬૨ | ડેપા | વિલેપાર્લે |
| લક્ષ્મીબેન લખમશી કરમશી વિછીવોરા | ૬૯ | કો. રોહા | બેંગ્લોર |
| ખુશાલચંદ લખમશી હરશી ગોસર | ૭૫ | વિંઢ | મુલુંડ |


**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ **પગદંડી** વર્ષ : ૬૯

અંક : ૧૪ મે-૨૦૧૮

-: *માનદ્ તંત્રીઓ* :-

**અશ્વિન માલદે, શાંતિ રાંભિયા, ચંદ્રકાન્ત નંદુ**

મુદ્રક-પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ : શ્રી ક.વિ.ઓ.દે. નવી મહાજનવાડી, ૩જે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં. : ૨૩૭૧ ૪૬૭૪

www.kvoss.org • email : ksevasamaj@gmail.com

મુદ્રણસ્થાન: **મેઘાર્ટ કલર ક્રાફ્ટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ-૪૦૦ ૦૧૩. ☎ ફોન નં.: ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**

વાર્ષિક: રૂા. ૧૦૦/-, પંચવાર્ષિક: રૂા. ૪૦૦/-
આજીવન ૧૫ વર્ષ: રૂા. ૧,૦૦૦/-, છૂટક નકલ: રૂા. ૧૫/-
વિદેશ માટે અમેરિકન ડોલર ડ્રાફ્ટથી ત્રિવાર્ષિક: ૫૦

**ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજને નામે લખવા.**